સુવિચાર

માટી જો ચપલને ચોટીને આવે તો તે ઘરનાં ઉંબરા સુધી ન આવી શકે પણ જો એ માટલું બનીને આવે તો એ ઘરના પાણીયારે પૂજાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com


સાંધ્ય દૈનિક



Year-16, Issue-93 ■ DATE : 25-07-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ભારત-બ્રિટને મુકત વ્યાપાર કરાર પર કર્યા હસ્તાક્ષર

**વ્યાપાર સમજુતી અંતર્ગત બન્ને દેશોને વેપાર - રોજગાર મામલે નવી તકો ઉપલબ્ધ થશેઃ ભારતીય શ્રમિકો, ખેડુતો અને નિકાસકારોને પણ વધુ લાભ થશેઃ ભારતની સામગ્રીઓ પર શૂન્ય આયાત ચાર્જથી બ્રિટનમાં મોટુ બજાર મળશે**



**મુખ્ય સમાચાર, લંડન**

ભારત-યુકે મુકત વ્યાપાર સમજુતિ (એફટીએ)થયા બાદ હવે કારોબાર અને રોજગારની દ્રષ્ટિએ બન્ને પક્ષો માટે નવા અવસરો પેદા થશે. ભારતની દ્રષ્ટિએ જોવામાં આવે તો ખેડુતો શ્રમિકો અને નિકાસકારોને સૌથી વધુ લાભ થશે.

સમજુતી સાથે જોડાયેલી શરતો અંતર્ગત સમુદ્રી ઉત્પાદનો, ચામડુ, રત્ન આભુષણ, ફર્નીચર, રમત ગમત સામગ્રી, ટેકસટાઈલ તેમજ પરિધાન, કેમિકલ્સ અને બેઝ મેટલ્સ જેવા ઉત્પાદનો પર બ્રિટનમાં લાગનાર આયાત ચાર્જ શુન્ય થઈ જશે. જેથી ભારતનાં નિકાસકારો માટે સસ્તા ભાવે પોતાના ઉત્પાદનોને યુકેનાં બજારમાં વેચવાની તક ઉપલબ્ધ થશે.

બીજી બાજુ ભારતમાં યુકેની કારો, વ્હીસ્કી, કપડા અને ફુટવેર સહિત અન્ય સામાન સસ્તા થશે. નવી સમજુતીથી ભારતીય ખેડુતોને યુકેનાં કૃષિ બજારમાં ખાસ પહોંચ મળશે. સંભાવના છે કે આ સમજુતીથી યુકેમાં ભારતને ૩૭.૫ અબજ અમેરીકી ડોલરનું બજાર ઉપલબ્ધ થશે.

જયાં ખેડુતોનાં ઉત્પાદનોને વેંચી શકાશે. ખાદ્ય પ્રોસેસ્ડ ઉત્પાદનોની પહોંચ પણ વધશે. કારણ કે સમજુતી અંતર્ગત પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થો પર યુકેમાં આયાત ચાર્જ ૭૦ ટકાથી ઘટીને શુન્ય થઈ જશે. આથી પ્રોસેસ્ડ ફુડ નિકાસકારોને લાભ મળશે.

ડબલ યોગદાન સમજુતી (ડીસીસી)ને પણ મુકત વ્યાપાર સમજુતીમાં સામેલ કરવામાં આવ્યું છે.આથી ભારતીય કર્મચારીઓ અને નિયુકિત આપનારાઓને યુકેમાં ત્રણ વર્ષ સુધી સામાજીક સુરક્ષા માટે યોગદાન કરવાથી છૂટ રહેશે.

ભારતીય પ્રોફેશનલ્સને હવે યુકેમાં બહેતર ગતિશીલતા અને રોજગારનાં અવસર મળશે ખાસ કરીને ૧૮૦૦ ભારતીય શેફ, યોગ શિક્ષક સાથે શાસ્ત્રીય સંગીત સાથે સંકળાયેલા શિક્ષકોને યુકેમાં સેવા આપવાની તક મળશે.

એમએસએમઈ દ્વારા તૈયાર કરવામાં આવનાર ઉત્પાદનો યુકે સાથે સંલગ્ન બજારોમાં શુન્ય ચાર્જ સાથે પહોંચે મળશે તેમાં વસ્ત્ર-પરિધાન જૂતા આભુષણ, રમત સામગ્રી સહિત ઉત્પાદનો તૈયાર કરનાર ક્ષેત્ર સામેલ છે.

કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય ક્ષેત્રની દ્રષ્ટિએ આ સમજુતી ઘણી મહત્વની સાબિત થશે. આથી કૃષિ અને પ્રોસેસ્ડ ખાદ્ય પદાર્થોને નવુ બજાર મળશે. સમજુતી અંતર્ગત ૯૫ ટકાથી વધુ ભારતીય કૃષિ ચાર્જ લાઈનોને યુકેની બજારોમાં શુન્ય ચાર્જ લાગશે.જેથી ભારતની કૃષિ નિકાસમાં આગામી ત્રણ વર્ષમાં ૫૦ ટકાથી વધુ વૃદ્ધિની આશા છે.

વ્હીસ્કીઃ યુકેથી આયાત થતી સ્કોચ (વ્હીસ્કી)પર ભારતનો ટેરિફ ૧૫૦ ટકાથી ઘટીને ૭૫ ટકા થઈ જશે.

ખાદ્ય અને પેય પદાર્થઃ યુકેથી સેલ્મન, લેબ, ચોકલેટ, બિસ્કીટ, અને સોફટ ડ્રીંક આયાત થાય છે તેના પર ટેરીફ ઘટી જશે.

કોસ્મેટીકસ અને સ્વાસ્થ્ય : ઉપકરણ યુકેથી આયાત થતાં કોસ્મેટીકસ મેડીકલ ઉપકરણ અને એરોસ્પેસ પાર્ટસ પર ટેરિફ ૧૫ થર ઘટીને ૩ ટકા થઈ જશે.

લકઝરી કારોઃ યુકેથી આયાત થતી કારો પર ટેરિફ ૧૦૦ ટકાથી કોટા સીસ્ટમ અંતર્ગત ૧૦ ટકા સુધી થઈ જશે.

કપડાઃ બ્રિટનથી આવતા બ્રાન્ડેડ કપડા, ફેશન સામગ્રી અને હોમવેર પણ સસ્તા થશે.જયારે ફર્નીચર પણ ઓછી કિંમતે મળશે.

# સહમતિથી શારીરિક સંબંધો માટેની મર્યાદા ૧૮ વર્ષથી ઘટાડવાનો કેન્દ્રએ કર્યો ઈન્કાર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં પુખ્તવયની ઉમર પૂર્વે જ ટીનેજમાં વધતા જતા શારીરિક સંબંધોના આકર્ષણ પર અનેક વખત તે અપરાધી અને ખાસ કરીને સહમતીથી આ સબંધો બંધાયા હોવા છ્તા બાદમાં જે રીતે તેની સામે કાનૂની કાર્યવાહી થાય છે તેમાં હવે સુપ્રિમ કોટ મારફત સરકારને સહમતીથી શારીરિક સંબંધો માટેની હાલની ૧૮ વર્ષની ઉંમર મર્યાદા ઘટાડીને ૧૬ વર્ષની કરવાની ભલામણ કેન્દ્ર સરકારે નકારી કાઢી છે.

સગીરોને ખાસ કરીને બાળાઓને જાતિય શોષણથી બચાવવા આ પ્રકારે ઉંમર મર્યાદા ૧૮ વર્ષની હોય તે જરૂરી ગણાવ્યું હતું. કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે દેશનું બંધારણીય માળખુ પણ કોઈપણ કાનૂની મંજૂરી માટે ૧૮ વર્ષની ઉંમરને યોગ્ય ગણે છે અને ૧૮ વર્ષ કે તે બાદની સંમતીને પણ સ્વીકાર્ય ગણે છે પરંતુ ઉંમર મર્યાદા ઘટાડવાથી બળાત્કાર સહિતના અપરાધોમાં દ્વિધાભરી સ્થિતિ સર્જાશે.

ખાસ કરીને સંમતિથી કરવામાં આવેલા શારીરિક સબંધોની દલીલોને વેગ મળશે. કેન્દ્ર સરકાર વતી એડીશનલ સોલીસીટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કરેલી દલીલોમાં જણાવ્યું હતું કે જે તે સમયે સરકારે ૧૮૬૦માં ૧૦ વર્ષની ઉંમરને યોગ્ય ગણી હતી. બાદમાં ૧૯૯૧માં તે ૧૪ વર્ષની અને ૧૯૨૯માં તે ૧૬ વર્ષની કરાઈ હતી પરંતુ ભારતીય કાનૂનમાં સંમતીના કોઈપણ કાર્યમાં ૧૮ વર્ષની ઉમરમર્યાદા નિશ્ચિત થઈ છે તે ઉમરને પુખ્ત ગણવામાં આવે છે.

તેઓએ આ અંગે અદાલતમાં આવી રહેલા કેસોમાં કેસ ટુ કેસ અદાલતો વિચારણા કરે તે શકય હોવાનું બનાવાયું હતું. જયારે ૨૦૧૨માં કાનૂન સુધારીને પોકસો હેઠળ ૧૬ વર્ષની ઉંમર મર્યાદા ૧૮ વર્ષની કરવામાં આવી હતી. સરકારે આ માટે નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોને પણ તાકયું હતું અને ટીનેજરો ઝડપી રોમાન્ટીક થઈ જાય છે તે દલીલ નકારી હતી.

ખાસ કરીને કૌટુંબીક પરિસ્થિતિ-માં જે રીતે ટીનેજર પર જાતીય અપરાધો થઈ રહ્યા છે તેમાં ૧૬ વર્ષની ઉમર તે નકારી શકાય નહીં તેવી સ્થિતિ બની રહે છે. આ ભલામણ વરિષ્ઠ ધારાશાસ્ત્રી અને સર્વોચ્ચ અદાલતના સલાહકાર ઈન્દીરા જયસિંહે કરી હતી. તેઓએ સુપ્રિમ કોર્ટમાં એક અરજીમાં આ પ્રકારના સંબંધોમાં જે પ્રકારે અપરાધી ધારા હેઠળના કેસ વધતા જાય છે તેના તરફ સર્વોચ્ચ અદાલતનું ધ્યાન દોરેલ છે.

૧૬થી ૧૮ વર્ષના ટીનેજર સંમતિથી શારીરિક સંબંધો બાંધે તો પણ તેમાં બાદમાં ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૫ અને પોકસો એકટ ૨૦૧૨ હેઠળ અપરાધ ગણવામાં આવે છે.

ઈન્દીરા જયસિંહે પોતાની રજૂઆતમાં કહ્યું હતું કે ૨૦૧૭થી ૨૦૨૧ વચ્ચે ૧૬થી ૧૮ વર્ષની આયુમાં જે રીતે સગીર ગણાતા છોકરાને છોકરી સહમતીથી શારીરિક સબંધો બાંધે છે તે પ્રકારના કિસ્સામાં ૧૮૦ ટકાનો વધારો થયો છે અને આ પ્રકારની ફરીયાદો છોકરીના માતા પિતા દ્વારા કરવામાં આવે છે. જેના કારણે છોકરાનું ભવિષ્ય પણ બગડે છે.

# ખાદ્યતેલો માટે નવા નિયંત્રણાત્મક નિયમો જાહેર થશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજકોટ-ગુજરાતમાં ખાદ્યતેલોનાં ડબ્બા-વજન પેકીંગ પ્રક્રિયાનો વિવાદ અને ઉહાપોહ સર્જાયો છે. ત્યારે કેન્દ્ર સરકારે તેલ ઉદ્યોગમાં ઉત્પાદનથી માંડીને વેચાણ સુધીનાં તબકકાઓને આવરી લઈને આવતા મહિને નવા નિયંત્રણાત્મક નિયમો બહાર પાડવાનું જાહેર કર્યું છે.

કેન્દ્રનાં ખાદ્ય સચીવ સંજીવ ચોપરાએ કહ્યું કે, પ્રવર્તમાન ૨૦૧૧ ના નિયમોનાં સ્થાને વેજીટેબલ ઓઈલ પ્રોડકટસ ઉત્પાદન અને ઉપલબ્ધતા ૨૦૨૫ લાગુ થશે. જેમાં ખાદ્યતેલનાં ઉત્પાદન વેચાણ ભાવ તથા સ્ટોક વિશે ઓનલાઈન માહિતી આપવાનું ફરજીયાત બનશે.સરકાર માટે સ્ટોક અને ભાવનું મોનીટરીંગ અને નિયમપાલન સરળ થશે.

તેઓએ જણાવ્યું હતું કે, પારદર્શકતા તથા મોનિટરીંગનાં ઉદેશ સાથે ઘડાયેલા આ નિયમો વિશે તેલ ઉદ્યોગ સાથે પરામર્શ કરાયો હતો. પ્રક્રિયા અંતિમ તબકકે છે અને મોટાભાગે આવતા સપ્તાહમાં જ જારી કરી દેવામાં આવશે.

આ નિયમનો હેઠળ સરકાર-ખાદ્યતેલોનાં ઉત્પાદન તથા ભાવ પર નજર રાખી શકશે. અત્યાર સુધી સરકારનો તેલ ઉદ્યોગનાં વિવિધ સંગઠનોના આંકડાઓ પર આધાર રાખવો પડશે. પરંતુ નવા નિયમનો હેઠળ ઉત્પાદન ભાવ, સ્ટોક, ઉપલબ્ધતાની વાસ્તવિક જાણકારી મળી શકશે અને સરકાર તેના આધારે જરૂરી પગલા લઈ શકશે. તેઓએ કહ્યું કે, વૈશ્વિક-ઘટનાક્રમોનાં પ્રત્યાઘાતો રોકવા તથા ગ્રાહકોને મોંઘવારીનો માર ન પડે તે માટે આયાત જકાતમાં ઘટાડો કરાયો છે. ડયુટી ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચ્યો છે કે કેમ તેનુ ઈન્સ્પેકશન કરવામાં આવી રહ્યું છે. તેમના કહેવા પ્રમાણે ખાદ્ય ફુગાવો નીચો આવ્યો હોવા છ્તાં ખાદ્યતેલોનાં ભાવ ઉંચા જ રહે છે. સીંગતેલ સિવાયનાં ખાદ્યતેલોમાં વર્ષે સરેરાશ ૨૦ થી ૩૦ ટકાનો ભાવ વધારો થાય છે તે સરકાર માટે ચિંતાનો વિષય છે.ભાવોને નિયંત્રણમાં રાખવા નાફેડનો સાત લાખ ટનનો રાયડાનો સ્ટોક વેંચાણમાં મુકાશે. ઘર આંગણે તેલીબીંયાનું ઉત્પાદન વધારવા તથા આત્મનિર્ભર બનવાનો પડકાર માગે છે.સોયાબીન, સનફલાવર તથા રાયડાનો ઉતારો વૈશ્વિક સરખામણીએ ઓછો છે તેના માટે રિસર્ચ સહિતનાં અનેકવિધ પગલા લેવાની જરૂર છે.

# ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં રૂા.૮૭૦ કરોડના ડ્રગ્સનો નાશ કરાયો

**મુખ્ય સમાચાર, ભુજ**

નશાબંધીનો કાયદો ધરાવતાં ગુજરાતમાં દારૂ-માદક પદાર્થો સામે રાજય સરકારની આકરી નીતીનો કડકાઈથી અમલ કરાવવામાં આવી રહ્યો છે. અને તેને પગલે છેલ્લા ચારેક વર્ષમાં કરોડો-અબજોના નશાનાં કારોબારનો પર્દાફાશ થયો છે. અબજોનું ડ્રગ્સ જપ્ત કરાયું છે હવે આ ડ્રગ્સનો નાશ કરીને નશામુકત ગુજરાતનો નવો ઐતિહાસીક અધ્યાય આલેખવામાં આવ્યો હતો.

ગુજરાતમાંથી છેલ્લા થોડા સમયમાં પકડાયેલા ૮૭૦ કરોડની કિંમતનાં ૩૯૧.૬૨૫ કિલો માદક દ્રવ્યો તથા ૮૯૮૬.૨ લીટર માદક પદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો ખુદ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં



કચ્છનાં ભચાઊ ખાતે આ પ્રક્રિયા કરવામાં આવી હતી.

આજે રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા કચ્છની ધરતી પર એક ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું હતું. જ્યાં ગુજરાત પોલીસે જપ્ત કરવામાં આવેલ અંદાજિત રૂ.૮૭૦ કરોડના નાર્કોટિક્સનો નાશ કરીને નશામુક્ત ગુજરાતનો સંદેશ વિશ્વ સુધી પહોંચાડ્યો હતો.

ભચાઉના લાકડિયા ખાતે, સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ્સના ઈન્સિનરેટરમાં ૩૯૧.૬૨૫ કિલો ગાંજો, કોકેઈન, ચરસ અને મેફેડ્રોન જેવા નશીલા પદાર્થો અને ૮૯૮૬.૨ લિટર માદક પદાર્થનો નાશ કરવામાં આવ્યા હતો. આ કાર્યવાહીથી માત્ર ડ્રગ્સના જથ્થાનો નાશ કરવામાં નથી આવ્યો, પરંતુ નશામુક્ત ગુજરાતના નિર્માણનો નક્કર પાયો તૈયાર થયો છે. આ નવા ગુજરાતની શરૂઆત છે, જ્યાં નશો નહીં હોય, યુવાનો ઉજ્જવળ ભવિષ્ય હશે. તેવુ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ આ તકે જાહેર કર્યું હતું. ખુદ ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ આ નશાકારક-માદક દ્રવ્યો ભઠ્ઠીમાં નાખીને તેનો નાશ કર્યો હતો.

# ગાંધીનગરમાં હીટ એન્ડ રનના બનાવમાં એક મહિલા સહિત ૪ના મોત

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગાંધીનગરમાં ફરી એકવાર હિટ એન્ડ રનની ઘટના સામે આવતા હાહાકાર મચી ગયો છે. રાંદેસણ પાસે સિટી પ્લસ સિનેમા સામે એક પૂરપાટ ઝડપે દોડતી કારે ચાર લોકોને અડફેટે લીધા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં એક મહિલા સહિત ૪ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યાની પુષ્ટિ થઈ છે, જ્યારે અન્ય ૫થી લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. જેનાથી મોતનો આંકડો વધી શકે છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત સર્જનાર કાર નંબર -૧૮--૭૮૮૭ હિતેશ પટેલના નામે ગાડીનું રજિસ્ટ્રેશન થયેલું હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ અકસ્માત સર્જનાર કારચાલક નશામાં ધૂત હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે



લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને ઉશ્કેરાયેલા ટોળાએ કારચાલકને મેથીપાક ચખાડ્યો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી કારચાલકને ઝડપી પાડ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી સવાલો ઉભા થયા છે.

મેયરે આ વિશે વાત કરતા કહ્યું કે, ઘટનાની જાણ થતાં હું ઘટનાસ્થળે પહોંચી હતી. હું પહોંચી ત્યાં સુધીમાં ત્રણ લોકોના મૃત્યુ થઈ ચૂક્યા હતા. જોકે બે લોકો હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.' ગાંધીનગર સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ રવિ તેજાના જણાવ્યાનુસાર પ્રાથમિક તપાસમાં કારચાલક નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું છે. કારચાલકની ઓળખ પણ હિતેશ પટેલ તરીકે થઈ છે જે ખુદ કારનો માલિક હતો.

**ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં**

# રાઘવજીભાઈ પટેલના હસ્તે રૂ. ૪૪૧.૨૮ લાખના ખર્ચે નિર્મિત રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખુલ્લુ મુકાયું










**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન નું લોકાંપણ તથા રામનાથપરા રાજકોટ, આટકોટ, વિંછીયા ખાતે નવનિર્મિત પોલીસ આવાસનું તકતી અનાવરણ દ્વારા ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મંત્રીઓ તેમજ મહાનુભાવોએ રૂ. ૪૪૧.૨૮ લાખના ખર્ચે નિર્મિત અદ્યતન રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આ તકે પ્રતિભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં સાયબર ક્રાઈમને પહોંચી વળવા માટે વધુ ટીમો અને વ્યવસ્થાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ટેકનોલોજીનો વ્યાપ જ્યારે વધી રહ્યો છે, ત્યારે સાયબર સંબંધી ગુનાઓનું પ્રમાણ વધતા તેના નિવારણ માટે રાજકોટ રેન્જ સાયબર પોલીસ સ્ટેશન થકી રાજકોટ, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકાના નાગરિકોને સાયબર ક્રાઈમ સંબંધી ગુનામાં વધુ ઝડપી ન્યાય મળશે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, હાલમાં ન્યુડ કોલ તેમજ ડજિટિલ અરેસ્ટ જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓથી લોકોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે, ત્યારે સી.બી.આઈ. કે પોલીસ જેવી કોઈપણ સંસ્થાઓ ક્યારેય ડજિટિલ અરેસ્ટ કરતી નથી. જે અંગે લોકોએ

**રાજકોટ રેન્જના સાયબર ક્રાઈમ સંબંધી ગુનાહ ઉકેલવામાં સાયબર પોલીસ સ્ટેશન મહત્વની ભૂમિકા ભજવશેઃ હર્ષ સંઘવી**

સાવધ થઈ, આવી બનતી ઘટના સમયે શરમ અને સામાજિક ડર છોડી તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો જોઈએ, તેમજ કોઈપણ પ્રકારની રૂપિયાની લેવડ-દેવડ કરવી જોઈએ નહીં.

અન્ય ફ્રોડના કસ્સિાઓ જેવા કે, લલચામણી જાહેરાતો આપતી લીંક અંગે સાવધ કરતાં મંત્રીશ્રીએ લોકોને આ પ્રકારની અજાણી લિંક પર ભરોસો ન કરવા તેમજ લીંક ના ખોલવા અને તેને શેર ન કરવા અનુરોધ કર્યો હતો. વિશેષમાં મંત્રીશ્રીએ શહેરોની ટ્રાફિક સમસ્યાને લઈને ઉકેલ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, તમામ મહાનગરપાલિકાઓ સાથે મળીને લાંબા ગાળાના ટ્રાફિક મેનેજમેન્ટ વિશે આયોજન કરવામાં આવશે.

આ ઉપરાંત રાજકોટ શહેરમાં હેલ્મેટ ફરજિયાત થવા અંગેના નિર્ણય વિશે મંત્રી સંઘવીએ વાત કરતા કહ્યું હતું કે, લોકોનું જીવન અમૂલ્ય છે, માત્ર દંડ ખાતર નહીં પરંતુ લોકો પોતાના જીવનને બચાવે અને સમાજને નુકસાન ન થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સાથે રામનાથપરા પોલીસ લાઈન ખાતે બી-કેટેગરીના ૮૦ આવાસ, વિંછીયા ખાતે બી કેટેગરીના ૩૨ તથા સી-કેટેગરીના ૧ આવાસ તેમજ આટકોટ ખાતે સી-કેટેગરીના ૧ આવાસ સહિત કુલ ૧૧૪ પોલીસ આવાસનું લોકાંપણ થતાં પોલીસ બેડામાં કામ કરતા પરિવારોને પણ સપનાનું ઘર મળશે તેમ હર્ષ વ્યક્ત કરતા સંઘવીએ તમામ પરિવારજનોને અભિનંદન પાઠવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ખુલ્લા મુકાયેલા રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન રૂ. ૪૪૧.૨૮ લાખના ખર્ચે નિર્માણ પામ્યું છે. જેમાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળનું બાંધકામ થયેલ છે. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારીઓની ચેમ્બર ઉપરાંત કોન્ફરન્સ હોલ, મોબાઈલ ફોરેન્સિક રૂમ, ડેટા ફોરેન્સિક રૂમ, સાયબર ક્રાઈમ હેલ્પલાઇન મોનિટરિંગ રૂમ, ચાઈલ્ડ પોનોગ્રાફી એનાલિસિસ રૂમ જેવા ઈન્વેસ્ટિગેશન માટેની સુવિધા ઉપરાંત રેકોર્ડ રૂમ, કર્મચારી ગેસ્ટ રૂમ, ઓફિસર ગેસ્ટ રૂમ, કેન્ટીન, જીમ, લાઈબ્રેરી, વુમન હેલ્પ ડેસ્ક, સીટીઝન સીટીગ એરીયા, રિસેપ્શન, પાસપોર્ટ એપ્લિકેશન રૂમ સહિત વિવિધ સુવિધા કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે.

જ્યારે ઈ- લોકાંપણ કરાયેલા રાજકોટ શહેરના રામનાથપરા પોલીસ લાઈન ખાતે બી કેટેગરીના ૮૦ પોલીસ આવાસ રૂ.૧૨૮૮.૯૯ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવ્યા છે. જ્યારે વિંછીયા ખાતે બી કેટેગરીના ૩૨ બ્લોક અને સી ટાઈપનું એક આવસ રૂ. ૪૧૯.૪૮ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યા છે. આટકોટ ખાતે સી-કેટેગરીનું એક પોલીસ આવાસ રૂ. ૨૭.૧૦ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે. કાર્યક્રમના પ્રારંભે પોલીસ સ્ટેશન ખાતે મંત્રીશ્રીઓને પોલીસ સલામી સાથે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

આજના કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડિયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, ધારા-સભ્યો સર્વે ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, દુર્લભજીભાઈ દેથરિયા, પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી ગિરીશ પંડ્યા, પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર શ્રી મહેન્દ્ર બગડિયા, પોલીસ અધિક્ષક રાજકોટ ગ્રામ્ય હિમકરસિંહ, મોરબી પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, જામનગર પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, દેવભૂમિ દ્વારકા પોલીસ અધિક્ષકશ્રી નીતેશ પાંડે સહિત અગ્રણીઓ સર્વે ભરતભાઈ બોઘરા, માધવભાઈ દવે, રાજુભાઈ ધ્રુવ સહીત પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી બેઠકમાં ૯૮.૭૭ કરોડના વિકાસના કામો મંજૂર




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂપિયા ૯૮ કરોડ ૭૮ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી જેમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા માટે ૪૩૮૬ લાખ રંગમતી નદીના રિવર રિનોવનેશનની કામગીરી માટે ૮૫૯ લાખ ઉપરાંત રંગમતી નદી પર ફોર લેન્ડ રિવર બ્રિજ બનાવવાના કામ માટે ૧૯૪૮ લાખના ખર્ચનો સમાવેશ થાય છે. જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં કુલ ૧૦ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, સિટી એન્જીનીયર ભાવેશભાઈ જાની ઉપસ્થિત રહ્યા હતા.સિવિલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨,૩ અને ૪)માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ રોડ વર્કસ (મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાનું કામ)ના કામ અંગે રૂ. ૭.૫૦ લાખ, વોર્ડ નં. ૭, સ્વામીનારાયણ મંદિર પાસે પાઈપ ગટરના કામ અંગે રૂ. ૨૩૮.૧૧ લાખ, સીવીલ વેસ્ટ, ઈસ્ટ, સાઉથ, નોર્થ, સેન્ટ્રલ ઝોનમાં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ પબ્લીક ટોયલેટ વર્કસના કામ અંગે રૂ. ૭.૫૦ લાખના ખર્ચને મંજુર કરવામાં આવ્યો હતો.

વોર્ડ નં. ૫, સોઢા સ્કુલ પાસેના પુલીયાથી એચ.ઓ. ભટ્ટના બંગલા સુધી સી.સી. રોડના કામે સ્થળ ફેરફાર અંગેની દરખાસ્ત અન્વયે સ્થળ ફેરફાર મંજુર કરવામાં આવ્યો હતો. સિવિલ ગાર્ડન શાખામાં સમાવેશ થતા સંગમ બાગ ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સના કામ અંગે રૂ. ૧૦.૪૨ લાખ, જામનગર શહેરમાં ખંભાળીયા રોડ પર હોટલ વિશાલ પાછળ, ટી.પી. સ્કીમ નં. ૨, અંતિમ ખંડ નં. ૯૮ વાળી જગ્યામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ (ફેઈઝ-૧) બનાવવાના કામ અંગે રૂ. ૪૩૮૬.૫૬ લાખ, કલીનીંગ સ્ટાફ રણમલ લેઈક તથા ખંભાળીયા ગેઈટ ફોર ધ પીરીયડ ઓફ થી યર્સ વધારાના બે વર્ષ સુધી સમય મર્યાદા વધારવા અંગેની દરખાસ્તમાં બીજા વર્ષનું ખર્ચ રૂ. ૪૩.૧૨ લાખ મંજુર કરવામાં આવ્યું હતું.જામનગર શહેરની રંગમતી નદીના રીવર રીજુવનેશનની કામગીરી અંતર્ગત નદીને તેના મુળ સ્વરૂપે લાવવાના કામ અંગે રૂ. ૮૫૯.૧૪ લાખ, જામનગર શહેરમાં કાલાવડ નાકા બહાર રંગમતી નદી પર ફોરલેન રીવર બ્રીજ બનાવવા અંગે રૂ. ૧૯૪૮.૨૨ લાખ, જામનગર મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા કાર્યક્રમ માટે વર્ષ એક માટે પી.આર.ઓ શાખા દ્વારા સ્ટેજ.મંડપના કામના ખર્ચ અંગે રૂ. ૩૫ લાખ મંજુર, જામનગર મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા કાર્યક્રમ માટે વર્ષ ૨૦૨૫-૨૬ માટે પી.આર.ઓ. શાખા દ્વારા ફોટોગ્રાફી.વિડીયોગ્રાફીના કામના ખર્ચ અંગે રૂ. ૫.૫૦ લાખ, જામનગર મહાનગરપાલિકા સંચાલિત સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં આવેલ સ્વીમીંગપુલના કોમ્પ્રેહેન્સીવ ધોરણે ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સના કામ અંગે રૂ. ૪૩.૦૮ લાખ, પ્રોવાડીંગ એન્ડ સપ્લાઈંગ ઓફ ૧૦૦ એમ.એમ. ડાયાથી ૬૦૦ એમ.એમ. ડાયા સુધી સી.આઈ. સ્લુઝ વાલ્વઝ ફોર વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ઈન જામનગર સીટી એરીયાના કામ માટે રૂ. ૬૫.૯૮ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.જુદી જુદી શાખાઓની આવેલ ડીમાન્ડ અન્વયે કોમ્પ્યુટર, પ્રિન્ટર, લેપટોપ, યુ.પી.એસ. વિગેરેની ખરીદી અંગે કમિશનરની રજુ થયેલ દરખાસ્ત પેન્ડીંગ રાખવામાં આવી હતી. શહેરના જુદા જુદા વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટે પાઈપ લાઈન કામ અંગે કમિશનરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે રૂ. ૨૨૭.૨૭ લાખના ખર્ચને મંજુર કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત બે દરખાસ્ત અધ્યક્ષ સ્થાનેથી રજૂ થઈ હતી. જેમાં ૨૦ વર્ષ જુની આવાસ યોજનાના બ્લોક ૧ થી ૫૧ ડીમોલીશન કરવાના કામ અંગે રૂ. ૪૦,૦૮૬નું ખર્ચ મંજૂર કરાયું હતું. જ્યારે અન્ય એક દરખાસ્તમાં સ્ટેટ કલીન એર પ્રોગ્રામ અંતર્ગત નાણાકીય સહાય પુરી પાડવા અંગે રૂ. ૨૦ કરોડના ખર્ચ અંગે સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂપિયા ૯૮ કરોડ ૭૮ લાખના રકમની દરખાસ્તોને મંજુર કરવામાં આવી હતી.




## જામનગરમાં યોજાનારા શ્રાવણી મેળામાં તંત્રના આડેધડ વહીવટના આક્ષેપ સાથે કોંગ્રેસે અનોખી રીતે કર્યો વિરોધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં શ્રાવણી મેળાના આયોજન સામે કોંગ્રેસે આક્રોશ વ્યકત કર્યો છે અને જામનગર શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા આ બાબતે સુરક્ષાના ભાગરૂપે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી સોગંદનામુ રજૂ કરે તેવી લેખિત અરજી સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સમક્ષ કરવામાં આવી છે.

જામનગર મહાનગરપાલિકા સ્ટે-કમિટી દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડમાં આગામી મેળો કરવા આયોજન થયું છે, પરંતુ પ્રદર્શન ગ્રાઉન્ડમાં એસ.ટી ડેપો હોય બાજુમાં ખૂબજ ટૂંકી જગ્યા હોય તેમાં મેળો કરવામાં આવે અને તેમાં કોઈ પણ અનિચ્છનિય બનાવ બને કે કોઈપણ જાનહાની થાય લોકોને કોઈ નુકસાન થાય તે માટે જવાબદાર કોણ ? તેવો સવાલ ઉઠાવતા કોંગ્રેસે કહ્યું છે કે રાજકોટની ગેમઝોન જેવી ગંભીર ઘટનામાં દોષનો ટોપલો અધિકારીઓ ઉપર નાખવામાં આવ્યો હતો. જામનગર મહાનગરપાલિકા સત્તાધીશોની અન-આવડત ના કારણે લોકોને ભારે હાલાકી કરવી પડે છે.

તળાવની નાની માછલીઓને મારીને મોટા મગર-મચ્છો ને બચાવી લેવામાં આવે છે. આથી સત્તાધીશો સ્ટે-કમિટી સોગંદનામું કે જાહેર કરે કે મેળામાં કોઈ પણ બનાવ બને, કોઈ જાનહાની થાય તે માટે જવાબદાર કોણ ? તેનું સોગંદનામું જાહેર કરે, તેવી માંગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

## વાહનચાલકોને તેમના વાહનને લગતા ચલણ વોટ્સએપ સહિતના સોશિયલ મીડિયા દ્વારા ક્યારેય મોકલવામાં આવતા નથી

### વોટ્સએપના માધ્યમથી મળતા નકલી ઈ-ચલણ કે APK ફાઈલ ન ખોલવા જામનગર RTOની નાગરિકોને અપીલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી એ નાગરિકોને વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા દ્વારા મળતા RTO ઈ-ચલણ અથવા અજાણી APK ફાઈલો ખોલવા સામે સાવચેત રહેવા અપીલ કરી છે. આર.ટી.ઓ. શ્રી ઉપાધ્યાય દ્વારા જણાવવામાં આવ્યું છે કે વાહનચાલકોને તેમના વાહનને લગતા ચલણ સોશિયલ મીડિયા જેમ કે વોટ્સએપ દ્વારા ક્યારેય મોકલવામાં આવતા નથી. જો તમને આવા કોઈ મેસેજ મળે, તો તે સંપૂર્ણપણે ફેક છે અને તેનો RTO સાથે કોઈ સંબંધ હોતો નથી.

આવી નકલી સાઇટ-લિંક ખોલવાથી ભારે આર્થિક નુકસાન થઈ શકે છે, કારણ કે તેને ખોલતાની સાથે જ તમારા બેન્ક ખાતામાંથી બધા જ રૂપિયા ઉપડી જવાની શક્યતા રહે છે. તેથી, સોશિયલ મીડિયાના માધ્યમથી આવતી કોઈપણ RTO કે E-Challan ને લગતી APK કે Unknown File ક્યારેય ખોલવી નહીં. RTO કચેરી દ્વારા આવા કોઈ પણ પ્રકારના ચલણ સોશિયલ મીડિયાના માધ્યમથી મોકલવામાં આવતા નથી. જામનગર જિલ્લા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા નાગરિકોને આવા સાયબર ફ્રોડથી બચવા માટે જાગૃત અને સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જામનગરમાંથી ૭૩૧ બોટલ દારૂ લઇને નિકળેલી કાર ઝડપાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સાંઢીયા પુલ નજીકથી સિટી સી ડિવિઝન પોલીસની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી કારને ઝડપી લીધી.૯ લાખના મુદામાલ સાથે એક ઝડપાયો.પોલીસની નિષ્ક્રિયતાના પાપે દારૂના દૂષણને જામનગરને ચારે કોરથી ઘેરી લીધું છે. દિવસેને દિવસે દારૂબંધી વચ્ચે પણ દારૂના જંગી જથ્થા ઝડપાઈ રહ્યા છે ત્યારે જામનગર સિટી સી ડિવિઝન પોલીસે શેરના સાંઢિયા પુલ નજીકથી એક કારને અટકાવી નાની મોટી ૭૩૧ ઇંગ્લીશ દારૂની બોટલનો જથ્થો ઝડપી પાડ્યો હતો.પોલીસે એક આરોપીની અટકાયત કરી હતી અને અન્ય બે આરોપી હાજર ન મળતા પોલીસે તેને ઝડપી પાડવા તપાસ તેજ બનાવી છે. સિટી સી ડિવિઝન સર્વેલન્સ સ્ક્વોડને દારૂની હેરાફેરી અર્થે મળેલી ચોક્કસ બાતમીના આધારે ટીમે શહેરના સાંઢિયા પુલ, મામા સાહેબના મંદિર પાસેથી સરદારનગર તરફ જતાં રોડ પર વોચ ગોઠવી હતી.દરમિયાન ત્યાંથી શંકાસ્પદ હાલતમાં પસાર થઇ રહેલી જીજે-૧૬-બીકે-૬૪૯૯ નંબરની મહિન્દ્રા એક્સયુવી કારને અટકાવી હતી. પોલીસે કારની તલાશી લેતાં તેમાંથી રૂા.૪૫,૪૦૦ ની કિંમતની ૨૫૧ બોટલ દારૂ તથા રૂા.૪૮,૦૦૦ ની કિંમતના ૪૮૦ દારૂના ચપટા નો જંગી જથ્થો મળી આવ્યો હતો.આથી



પોલીસે દારૂના આ જથ્થા સહિત રૂા.૫૦૦૦ ની કિંમતનો એક મોબાઇલ ફોન અને રૂા.૫,૦૦,૦૦૦ ની કિંમતની કાર મળી કુલ રૂા.૮,૯૮,૪૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી કારચાલક રવિરાજસિંહ ગોપાલજી જાડેજા ઉ.વ.૩૪, રહે.શ્યામ હેરીટેઝ, લહેર તળાવની પાછળ, નાઘેડી, જામનગર.નામના શખ્સની અટકાયત કરી હતી. આ શખ્સની વધુ પૂછપરછ ધરતાં દારૂ મંગાવનાર આનંદ ઉર્ફે બાડો નાનજીભાઇ ભદ્રા રહે.દિ.પ્લોટ-૫૮, બાળકોના સ્મશાન પાસે, જામનગર અને હિરેન બવાજી રહે.દિ.પ્લોટ-૫૮, જામનગર ના નામ ખુલતાં પોલીસે આ બન્ને શખ્સોને ફરારી જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.આ કાર્યવાહી સિટી સી ડિવિઝન મથકના પીઆઇ એન.બી.ડાભીના માર્ગદર્શન હેઠઇ પીએસઆઇ વી.એ.પરમાર, એએસઆઇ યશપાલસિંહ અનીરૂધ્ધસિંહ જાડેજા, સુખદેવસિંહ મહોબતસંગ જાડેજા, હેડ કોન્સ્ટેબલ નારણભાઇ બાબુભાઇ સદાદીયા, ખીમશીભાઈ ગોવીંદભાઈ ડાંગર, રવીભાઇ નવીનભાઇ બુજડ, દેવેનભાઇ નરેન્દ્રભાઇ ત્રિવેદી, શીવભદ્રસીંહ મહોબતસીંહ જાડેજા, રાજેશભાઈ ભીમજીભાઈ બથવાર, કોન્સ્ટેબલ વનરાજભાઈ ભગુભાઈ ખવડ, મહાવીરસીંહ વનરાજસીંહ જાડેજા, પ્રવીણભાઈ ભીખાભાઈ પરમાર તથા મયુરસિંહ જગદીશસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.

આ ઉપરાંત પંચકોષી એ ડિવિઝન પોલીસે પેટ્રોલીંગ દરમિયાન અલિયા ગામે કબ્રસ્તાનથી આગળ નિર્મળભાઇ અમરલાલ મદિયાણીના ગોડાઉનમાં રેઇડ પાડી રૂા.૩૦૦૦ ની કિંમતની છ બોટલો ઝડપી પાડી હતી. જો કે આરોપી હાજર મળી ન આવતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

## ગોપાલનગરમાં બેલડીએ સ્કૂલવાનમાં ધારીયા વડે તોડફોડ કરી ડ્રાઇવરને આપી ધમકી

### સ્કૂલની વર્ધીમાં મનદુખનો ખાર રાખી કૃત્ય આચર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા ગોપાલનગરમાં વિદ્યાર્થીઓ ભરવા માટે સ્કૂલવાન લઇને ડ્રાઇવર ગયો હતો ત્યારે બે શખ્સોએ સ્કૂલવાનમાં ધારીયાથી તોડફોડ કરી ચાલકને ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધઇ છે. સ્કૂલની વધી બાબતે ચાલતા મનદુખનો ખાર રાખી તોડફોડ કર્યાનું જણાવાયું છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ઢેબર રોડ પર શ્રમજીવી સોસાયટી શેરી નં.૩માં રહેતો અને છેલ્લા દોઢક વર્ષથી સ્કૂલ વાન ચલાવતો સિદ્ધાંત ભાવેશભાઈ મકવાણા (ઉવ.૨૮)એ ભકિતનગર પોલીસ મથકમાં નોધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રવિ કિશોર ચાવડીયા અને તેની સાથે આવેલો અજાણયા શખ્સનું નામ આપ્યુ છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ લક્ષ્મીનગરમાં આવેલી મોદી સ્કુલના વિદ્યાર્થીઓને તેડવા મૂકવા જાય છે. સવારે છ વાગ્યાના

અરસામાં તે તેના શેઠ લલીતભાઈ ચાવડીયાની સ્કૂલવાન લઈને વિદ્યાર્થીઓને તેડવા જતો હતો ત્યારે ગોપાલ નંબર શેરી નં.૧૫ પાસે વિદ્યાર્થીઓને તેડવા માટે એપાર્ટમેન્ટ નીચે ઉભો હતો ત્યારે બંને શખ્સો બાઇક લઇ ધસી આવ્યા હતા. અને આરોપી રવિએ ધારીયા વડે સ્કૂલવાનમાં તોડફોડ કરી આગળનો કાચ તોડી નાખ્યો હતો અને આરોપીએ તો ગાડીના કાચ તોડયા હવે પછી તેને જાનથી મારી સુખશી બંને નાશી છૂટ્યા હતા. બાદમાં તે તેના શેઠ સાગરભાઇની ઓફિસે જઇ આ બાબતની જાણ કરતા તેણે શેઠ સાથે પોલીસ સ્ટેશને આવી ફરિયાદી નોંધાવી હતી. તેના શેઠ સાગરભાઈએ અગાઉ સ્કૂલની વધી બાબતે આરોપી રવિ ચાવડીયા સાથે મનદુખ ચાલતુ હોય જેનો ખાર રાખી તોડફોડ કરી ધમકી આપી હોવાનુ જણાવતા પોલીસે બંને વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉનાની બજારમાંથી ભેળસેળ યુકત ઘી તથા માખણનો જથ્થો પકડી પાડતી એસ.ઓ.જી.

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

નિલેશ જાજડીયા પોલીસ મહાનિરીક્ષક, જુનાગઢ વિભાગનાઓ તથા શ્રી મનોહરસિંહ જાડેજા પોલીસ અધિક્ષક ગીર-સોમનાથનાઓ દ્વારા જીલ્લામાં લોકોના આરોગ્ય તથા ખાદ્ય પદાર્થ સાથે ચેડા કરી, આરોગ્યને ખુબજ ગંભીર પ્રકારે નુકશાન કરતા વિક્રેતા દુકાનદારોને શોધી કાઢી તેમના વિરુધ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવા સુચના આપેલ તે અનુસાર એન.એ.વાઘેલા, ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર.એસ.ઓ.જી. ગીરસોમનાથના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા હાલ ધાર્મિક તહેવારો દરમ્યાન ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ઇબ્રહીમશા બાનવા, પ્રતાપસિંહ ગોહીલ એ.એસ.આઇ. તથા રણજીતસિંહ ચાવડા પો.કોન્સ. નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે ઉના






શહેર વિસ્તારના મેઇન બજારમાં આવેલ શ્રીજી કરીયાણા સ્ટોર નામની દુકાનમાં ફુડ સેફટી ઓફીસર ગીરસોમનાથનાઓને સાથે રાખી રેઇડ કરી નીચે જણાવેલ ઇસમને પકડી પાડી બનાવટી, ભેળસેળ યુક્ત ઘી તથા માખણ અંગે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. મહેશભાઇ મનસુખભાઇ ગોરખીયા ધંધો.વેપાર, રહે.ઉના નંદનવન શ્રીજી પાર્ક તા.ઉના કબ્જે કરેલ મુદામાલ- (૧) ઘી (લુઝ)-૧૦ કીલો (૨) મારગેરીન(માખણ) જેવો પદાર્થ(લુઝ)-૪૦.

## માંડાડુંગર-મહિકાના ગ્રામજનોનો ઢોલ-નગારા સાથે ઉગ્ર ચક્કાજામ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજી ડેમના કાંઠે વસેલા માંડાડુંગર અને મહિકા ગામના લોકોએ ડેમકાંઠે જ તરસ્યા હોવાની ફરિયાદ સાથે હાઈવે ઉપર મોટી સંખ્યામાં ઢોલ-નગારા વગાડી વિરોધ પ્રદર્શન સાથે ચક્કાજામ કરી કલેક્ટર કચેરીમાં ધરણા કરી કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

કલેક્ટરને લેખિત રજૂઆતમાં ગ્રામજનોએ જણાવ્યું હતુ કે, મહીકા ગામ અને માંડા ડુંગરની ૨૦થી વધુ સોસાયટીમાં ૨૫ હજારથી વધુ લોકો વસવાટ કરી રહ્યા છે. આ બન્ને ગામમાં વર્ષોથી પાયની સુવિધા જ નથી. રસ્તા, પાણી સહિતની સુવિધા મામલે તંત્ર સમક્ષ અવારનવાર લેખિત-મોખિક રજુઆત કરી હોવા છતાં રૂડા તાબાના ગામડા પ્રત્યે ઓરમાયુ વર્તન કરવામાં આવે છે.તંત્ર નિદ્રામાં હોય તેને જગાડવા માટે આજી ડેમ ચોકડી ખાતે ઢોલ-નગારા સાથે ચક્કાજામ કરવામાં આવ્યો હતો.

બન્ને ગામના લોકોએ પ્રાથમિક સુવિધા ક્યારે આપશો તેવા પ્રશ્નો સાથે પાણી, રસ્તા અને વીજળી ગુલ થઇ જવાની સમસ્યાનો તાત્કાલિક ધોરણે નિકાલ લાવવા ૨૦૦ જેટલા લોકોએ આજીડેમ નજીક ચક્કાજામ કર્યો હતો અને કલેક્ટર કચેરી ખાતે વિરોધ નોંધાવી તાકીદે સમસ્યા નિવારવા રજૂઆત કરવામાં આવી હતી.ઉપરાંત જો ઉકેલ નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી અપાઈ હતી.

માંડા ડુંગરના રહીશોએ કલેક્ટરને લેખિત રજૂઆત કરતા જણાવ્યું હતું કે, કુલ ૨૦ સોસાયટીના ૨૫ હજાર લોકો છેલ્લા ઘણા સમયથી પ્રાથમિક સુવિધા માટે વલખા મારી રહ્યા છે.

અનેક વખત રૂડામાં પણ પાણીના અને રોડ રસ્તાના પ્રશ્ને રજુઆત કરવામાં આવી છતાં કોઈ નિવારણ આવતું નથી. રહેણાંક વિસ્તારમા જીવનજરૂરી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. જેમાં સોસાયટીના મુખ્ય રસ્તાઓ દયનીય હાલત છે અને ગટરોનું પાણી ઓવરફ્લો થઈ આ રસ્તામાં પાણી ભરાઈ રહે છે તાકીદે આ પ્રશ્નોનું નિવારણ કરવામાં નહીં આવે તો આંદોલન કરવાની ચિમકી આપવામાં આવી છે.

## આશરો મેળવનાર મિત્રએ મહિલા સાથે આચરી ૨.૪૬ લાખની છેતરપિંડી

### સોશ્યલ મીડિયા થકી સંપર્કમાં આવેલા યુવાન અને તેની પત્ની ૨.૪૬ લાખની મતા લઈ નાસી છૂટયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં રહેતી મહિલાને સોશ્યલ મીડિયાના માધ્યમથી પરિચય થયા બાદ મિત્રતા કેળવાતા તે શખ્સ અને તેની પત્નીને પોતાના ઘરમાં આશરો આપ્યો, પરંતુ મહિલાના ભોળપણનો લાભ ઉઠાવી રોકડ અને સોનાના દાગીના મળી કુલ રૂ.૨.૪૬ લાખની મતા લઇ નાસી ગયા હતા.વધુ વિગતો મુજબ,રેલનગરમાં ગુલમહલર પ્લાઝામાં રહેતા ભૂમિબેન ધવલભાઈ પૂજારા (ઉ.વ.૩૨)એ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ભાવિન હર્ષદ રાયચુરાનું નામ આપ્યું હતું. ભૂમિબેને ફરિયાદમાં જણાવ્યું કે,છ મહિના પહેલાં ભાવિન રાયચુરા સાથે સોશિયલ મીડિયાથી પરિચય થયો હતો અને મિત્રતા કેળવી હતી.

ત્યારબાદ ભાવીને કહ્યું હતું કે, મેટોડાની કંપનીમાં કામ મળ્યું છે જેથી રાજકોટ આવવાનું છે અને રાજકોટમાં કોઈ ઓળખતું નથી જેથી તમારા ઘરે એકાદ મહિનો રોકાવવું પડશે. ભૂમિબેને મિત્ર ભાવિન અને તેના પત્નીને પોતાના ઘરે ત્રણ મહિના આશરો આપ્યો હતો.ત્યારબાદ ભાવિન પોતાને પગારમાં થોડા દિવસ લાગશે તેમ કહી પૈસા લેતો હતો, અન્ય જગ્યાએ નાણાં રોકાયા છે તેમ કહી ભૂમિબેન, તેના પતિ અને તેના ભાઈ પાસેથી રોકડ પડાવતો ગયો હતો.

એટલું જ નહીં ભૂમિબેનની પાસે રહેલા તેના મંગલસૂત્ર સહિત સોનાના દાગીના સાચવવાના બહાને લઇ લીધા હતા અને ત્યારબાદ ભાવિન તેની પત્ની સાથે જતો રહ્યો હતો અને ભૂમિબેનને ફોનમાં સરખો જવાબ પણ દેતો નહોતો.આ બનાવ અંગે પ્ર. નગર પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી ભાવિન રાયચુરાની શોધખોળ શરૂ કરી હતી.

## યુવાને પત્ની સાથે ઝઘડો થતા ફિનાઈલ પી કર્યો આપઘાતનો પ્રયાસ

### નહેરૂનગરમાં ગૃહકલેશથી કંટાળી પરિણીતાએ એસિડ ગટગટાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા યુવકને જૂનાગઢ માવતરે રહેલી પત્ની સાથે ઝઘડો થતાં યુવાને ભીમનગર ચોકમાં ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડાયો હતો.

ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા જીવંતિકાનગરમાં રહેતા દિપક અનિલભાઈ ગોહેલ નામના ૩૫ વર્ષના યુવકને જૂનાગઢ માવતરે રહેલી પત્ની સાથે ફોનમાં ઝઘડો થયો હતો. જેથી યુવકને યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

ને માઠુ લાગી આવતાં નાનામવા રોડ પર આવેલ ભીમનગર ચોકમાં ફિનાઈલ પી લીધું હતું.

આ ઉપરાંત બીજા બનાવ અંગે આહીર ચોક પાસે આવેલા જ નહેરૂનગરમાં રહેતી મમતાબેન સુનિલભાઈ નામની ૨૨ વર્ષની પરિણીતાએ પત્ની સાથે ઝઘડો થતાં એસિડ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કોર્ટ મુદતમાંથી પરત ફરતી પરિણીતા ઉપર સાસુ-સસરા સહિત ત્રણ શખ્સનો હુમલો

### પાંચ વર્ષથી રિસામણે બેઠેલી પરિણીતાએ ભરણપોષણ મેળવવા કેસ કર્યોતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રામનાથપરામાં માવતરના ઘરે રિસામણે આવેલી પોરબંદરની પરિણીતા સાહિસ્તાનબેન ઈરફાનભાઈ સોરઠીયા(ઉ.૨૯) કોર્ટમાં ખાધા ખોરાકીના કેસમાં મુદતે ગઈ હતી ત્યારે ત્યાંથી પરત ચાલીને આવતી હતી ત્યારે તેમના સસરા ફારૂકભાઈ સોરઠીયા અને સાસુ નજમાબેને અને એક અજાણ્યા શખ્સે ઝપાઝપી કરી ઢીકાપાટુનો મારમાર્યો હતો.આ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સાહિસ્તાબેને ફરિયાદમાં જણાવ્યું હતુ કે,હું છેલ્લા પાંચ વર્ષથી મારા માતા ઝરીનાબેન ની સાથે રહું છું અને મારા લગ્ન ૨૦૧૯ માં ઈરફાનભાઈ ફારૂકભાઈ સોરઠીયા(રહે મેમણવાર કાદરી રેસીડેન્સી ની સામે પોરબંદર) ખાતે થયેલ અને સંતાનમાં મારે એક દીકરો છે અને મેં ૨૦૨૦ માં રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં મારા પતિ તથા સાસરીયા વિરુદ્ધમાં મને શારીરિક માનસિક ત્રાસ આપતા હોય જે બાબતનો મેં કેસ કર્યો છે તેમજ ખાધા ખોરાકીનો કોર્ટમાં કેસ કર્યો છે.

મારે મારા સાસરીયા પક્ષ તરફથી ખાધા ખોરાકીના પૈસા લેવાના થતા હોય તે બાબતે મારા સાસરીયા પક્ષે નામદાર કોર્ટમાં અપીલ કરેલ હોય જેની મને નોટિસ મળતા હું મુદતે ગયેલ હતી અને મુદત પૂરી કર્યા બાદ બપોરના હું નવી કોર્ટ બિલ્ડીંગ થી બહાર નીકળી જામનગર રોડ તરફ ચાલીને જતી હતી તે અરસામાં પાણીના ટાંકાથી જ થોડે આગળ પહોંચતા સસરા ફારુકભાઈ સોરઠીયા અને સાસુ નજમાબેન તથા એક અજાણ્યો વ્યક્તિ એમ ત્રણેય મારી પાસે આવેલ અને મારા સાસુ સસરા એકદમ ઉશ્કેરાઈ જઈ તું અમને ખોટા હેરાન કરેસ એમ કહી ગાળો દેવા લાગેલ અને મારી સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા. જેથી હું ત્યાંથી ચાલીને આગળ જવા જતાં આ મારા સસરા મને ઢીકાપાટુનો માર મારવા લાગેલ જે દરમિયાન મારા સાસુએ મને પકડી રાખી ફડાકા મારવા લાગેલ અને મારા સસરાએ મને માથામાં તથા પેટના ભાગે ઢીકા પાટુ મારવા લાગેલ અને તેની સાથેનો એક અજાણ્યો વ્યક્તિ પણ મને ગાળો દઈ પાટા વડે પેટમાં લાત મારેલ આ સમયે મારા ગળામાં પહેરેલ સોનાનો ચેન તૂટી ગયેલ જેથી મને બીક લાગતા મેં ભાઈને કોલ કરતા આ લોકો ભાગી ગયા હતા અને આરોપીઓ સામે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## રાજકોટમાં ૮ સપ્ટે.થી વાહન ચાલકો માટે હેલ્મેટ ફરજીયાત

### વાહન ચાલકો ઉપરાંત પાછળ બેઠેલા મુસાફરને પણ હેલ્મેટ પહેરવી પડશે, સાતમ આઠમના તહેવાર બાદ કાયદો અમલવારી કરાવવા મેગા ડ્રાઈવ શરૂ કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ટુ-વ્હીલર વાહન ચાલકો અને પાછળ બેસનાર માટે આગામી ૮ સપ્ટેબરથી ફરજીયાત હેલ્મેટનો અમલ શરૂ થવાનો છે. હેલ્મેટ નહી પહેરનારા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ માટે ખાસ ડ્રાઈવ યોજવામાં આવશે તેમ ટ્રાફીક ડીસીપી યાદવએ જણાવ્યુ હતુ.

શહેરમાં ટુ-વ્હીલર વાહન ચાલકો દ્વારા હેલ્મેટ નહી પહેરવાને કારણે અવાર-નવાર જીવલેણ વાહન અકસ્માત સર્જાતા રહેતા હોય છે. વાહન ચાલાવતી વેળાએ ચાલકોને હેલ્મેટ સાથે લાયસન્સ,પીયુસી કે અન્ય ડોકયુમેન્ટ નહી હોવા બદલ ટ્રાફીકના નિયમોનો ભંગ થાય છે.

જયારે હેલ્મેટ નહી પહેરવાને કારણે માણસોની અમુલ્ય જીંદગી જોખમાઈ છે. પોલીસ કમીશનર બજેશ કુમાર ઝા ની આગેવાની હેઠળ ટ્રાફીક પોલીસ દ્વારા તમામ ટુ-વ્હીલર વાહન ચાલકોને અપીલ કરવામાં આવી છે કે તા.૮ સપ્ટેમ્બર થી શહેરી વિસ્તારમાં તમામ ટુ-વ્હીલર ચાલકોને હેલ્મેટ પહેરવા ફરજીયાત છે.

રાજકોટમાં અગાઉ ફરજીયાત હેલ્મેટનો કાયદો અમલ કરાવવામાં આવ્યો હતો અને ડ્રાઈવના મસમોટા દંડ નો પોલીસ દ્વારા ધોકા પછાડવામાં આવ્યો હતો જે તે વખતે શહેરી વિસ્તારમાં હેલ્મેટ જરૂરી નથી તે વાતને લઈને વાહન ચાલકોએ વિરોધ કર્યો હતો બાદમ્પુ આ અમલ મોકુફ રાખવામાં આવ્યો હતો હવે આગામી તા.૮મીથી ફરજીયાત હેલ્મેટના કાયદાને પગલે શુ થશે? તે જોવુ રહ્યુ. જોકે વાહન ચાલકોની સુરક્ષા માટે ફરજીયાત હેલ્મેટ જરૂરી છે તે પણ હકીકત છે.

## જામનગરના યુવા સામાજિક કાર્યકર દીપભાઈ ત્રિવેદીનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સામાજીક પ્રવૃત્તિમાં અગ્રેસર રહી કાર્ય કરનાર દીપભાઈ ત્રિવેદીનો આજે જન્મ દિવસ નાની ઉંમર થી પોતાના પરિવાર અન દરેક સામાજિક પ્રવૃત્તિ માં અગ્રેસર રહી અને સેવા કાર્ય માં નિમિત બની રહ્યા છે નાની ઉમર માં માનવ સેવા ના કર્યો કરતા આવ્યા છે સાથે સાથે કોઈ દર્દીને તાત્કાલિક લોહી ની જરૂર હોય ત્યારે જરૂરિયાત મંદ દર્દી ની સેવા કરવા નાત જાત ના ભેદ વગર તત્પર રહે છે જરૂરિયાતમંદ બીમારી સમયે હોસ્પિટલમાં આવ્યા છે . આપાતકાલીન સેવા કાર્ય . કરવા કટીબદ્ધ સહભાગી બનતા આવ્યા છે દર્દી મદદ. દીપભાઈ ત્રિવેદી નાની ઉંમર માં સર્વે નગરજનો વડીલો ના આશીર્વાદ થી સેવા કાર્ય કરી રહ્યા છે ત્યારે ભવિષ્ય માં પણ સત્કાર્યો કરતા રહે તેવી અનેકાનેક શુભકામનાઓ દીપભાઈ ત્રિવેદીને સગા સંબંધી સ્નેહીજનો શુભેચ્છાઓ મો ૯૮૨૪૪ ૦૪૭૦૧નો વરસાદ વરસાવી રહ્યા છે

# પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ તા. ૨૫ અને ૨૭ જુલાઈએ રાજકોટ જિલ્લાના પ્રવાસે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી રાઘવજીભાઈ પટેલ તા. ૨૫ અને તા. ૨૭ના રોજ રાજકોટ જિલ્લાના પ્રવાસે છે. મંત્રી તા. ૨૫ને શુક્રવારે સવારે ૯ કલાકે રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા નવનિર્મિત રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન બિલ્ડીંગ તથા વિંછીયા અને આટકોટ પોલીસ સ્ટેશનના ૩૪ આવાસોનું ઈ-લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ તા. ૨૭ને રવિવારે સાંજે ૪ કલાકે રાજકોટ શહેરમાં સેવા ભારતી ભવન ખાતે જામનગર (શહેર અને ગ્રામ્ય), દેવભૂમિ દ્વારકા અને રાજકોટ (શહેર અને ગ્રામ્ય)ના ચૂંટાયેલા ધારા-સભ્યોની સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચારક મહેશભાઈ જીવાણી સાથે બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ મંત્રીશ્રી સાંજે ૪.૩૦ કલાકે કણકોટમાં લાભુભાઈ એન્જીનીયરિંગ કોલેજ સામે સરદારધામ આયોજિત સૌરાષ્ટ્ર-રાજકોટ ઝોનમાં નિર્માણ થનારી હોસ્ટેલ કમ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટના ભુમિવંદના સમારોહ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત, મંત્રીશ્રી સાંજે ૫ કલાકે રાજકોટમાં રેજન્સી લગૂન રિસોર્ટ ખાતે સરદારધામ આયોજિત સૌરાષ્ટ્ર-રાજકોટ ઝોનમાં નિર્માણ થનારી હોસ્ટેલ કમ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટના ભુમિવંદના સમારોહ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. ત્યારબાદ મંત્રીશ્રી સાંજે ૬ કલાકે રત્નવિલાસ પેલેસ ખાતે આજકાલ પરિવાર આયોજિત સામાજિક સહકાર વર્ષના શુભારંભ તથા ઈમ્પેરીયા એવોર્ડ્સ એનાયત સમારંભ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

# રાજકોટમાં રેસકોર્ષ ખાતે યોજાતા લોકમેળા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થાપન માટે વિવિધ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી, નો પાર્કિંગ, ફ્રી પાર્કિંગ સહિતના આદેશો જારી કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે ૧૪થી ૧૮ ઓગસ્ટ દરમિયાન લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. લોકમેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટતા હોય છે, ત્યારે લોકો સરળ-તાથી હરીફરી શકે તથા ટ્રાફિકનું સુચારૂ સંચાલન થઈ શકે તે માટે શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા ટ્રાફિક વ્યવસ્થાપન અંગે નીચે મુજબના આદેશો જારી કરાયા છે.

જે મુજબ, (૧) તા. ૧૪થી ૧૮ ઓગસ્ટ, લોકમેળા દરમિયાન રેસકોર્ષ રિંગરોડ જિલ્લા પંચાયત ચોકથી બહુમાળી ભવન, પોલીસ હેડ ક્વાર્ટર સર્કલ, જૂના એન.સી.સી. ચોક, અંડર બ્રિજ સુધી તમામ વાહનો માટે પ્રવેશબંધી અને બંને બાજુ નો પાર્કિંગ જાહેર કરવામાં આવે છે. (૨) ટ્રાફિક શાખાથી પોલીસ હેડ ક્વાર્ટર સર્કલ સુધી તમામ વાહનો માટે પ્રવેશબંધી રહેશે. (૩) સી.આઈ.ડી.ની ઓફિસથી રૂરલ એસ.પી. બંગલા સુધી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી રહેશે. (૪) સુરજ-૧ એપાર્ટમેન્ટથી લોકમેળાના મુખ્ય ગેઈટ સુધી તમામ વાહનો માટે પ્રવેશબંધી રહેશે. (૫) ચાણક્ય બિલ્ડિંગ ચોકથી ફુલછાબ ચોક, જિલ્લા પંચાયત ચોક સુધી તમામ વાહનો માટે નો પાર્કિંગ ઝોન રહેશે. (૬) રેસકોર્સ રિંગરોડ ફરતે લારી, ગલ્લા, પાથરણા, રેકડી રાખવાની મનાઈ છે. (૭) વિશ્વા ચોકથી જૂના એન.સી.સી. ચોક સુધી તમામ વાહનો માટે પ્રવેશબંધી તેમજ બંને બાજુ નો પાર્કિંગ રહેશે. (૮) મહિલા અંડર બ્રિજથી કિસાનપરા ચોક સુધી પ્રાઈવેટ લકઝરી બસોનું જાહેરનામું પૂર્ણ થયા બાદ કિસાનપરા ચોક તરફ પ્રવેશબંધી જાહેર કરવામાં આવે છે.

નીચે મુજબના રસ્તા ખુલ્લા રહેશેઃ (૧) ચાણક્ય બિલ્ડિંગ ચોકથી શ્રોફ રોડ, ટ્રાફિક શાખા, રૂડા બિલ્ડિંગ જામનગર રોડથી એરપોર્ટ-ગાંધીગ્રામ તરફ જઈ શકાશે. ચાણક્ય બિલ્ડિંગ ચોકથી ફુલછાબ ચોકથી જિલ્લા પંચાયત ચોકથી કિસાનપરા ચોક તરફ જઈ શકાશે. (૨) દરેક ભારે વાહન માટે લોકમેળા દરમ્યાન રેસકોર્ષ રીંગરોડ ઉપર પ્રવેશબંધી જાહેર કરવામાં આવે છે. (૩) પ્રાઈવેટ લકઝરી બસો મહિલા અંડર બ્રિજથી ટાગોર રોડ થઇ જઇ શકશે. તા.૧૪મી ઓગસ્ટ સવારે ૦૯.૦૦ કલાકથી લોકમેળો પૂર્ણ થાય ત્યાં સુધી રેસકોર્ષ રિંગરોડ ફરતે પાસધારક વાહનચાલકો ૧૦ કિમીથી વધુ ઝડપે વાહન ચલાવી શકશે નહીં.

ફ્રી વાહન પાર્કિંગ માટે નીચેના સ્થળો જાહેર કરાયા છેઃ (૧) નહેરુ ઉદ્યાન, બહુમાળી ભવન સામે પ્રવેશ, બહુમાળી ચોક - કાર, મોટર સાયકલ અને સાયકલ

(૨) એરપોર્ટ ફાટકથી આમ્રપાલી ફાટક પૂર્વ બાજુનો ભાગ રેલવે પાટા સામે - બસ, કાર, મોટર સાયકલ અને સાયકલ, (૩) બાલભવન મેઈન ગેઈટથી આર્ટ ગેલેરી સુધીના રોડ પર - મોટર સાયકલ અને સાયકલ, (૪) નવી કલેક્ટર કચેરી સામે - કાર, મોટર સાયકલ અને સાયકલ, (૫) કિસાનપરા ચોક, એ.જી. ઓફિસની દિવાલ પાસે - ૧૫ ઓટો રિક્ષા, (૬) કિસાનપરા ચોક સાયકલ શેરિંગવાળી જગ્યા - ટુ વ્હીલર માટે, (૭) આયકર વાટિકા સામે ખુલ્લી જગ્યા પાસે રિલાયન્સના ગ્રાઉન્ડમાં - કાર, મોટર સાયકલ અને સાયકલ, (૮) ચૌધરી હાઈસ્કુલ ગ્રાઉન્ડ - ટુ વ્હીલર તથા ફોર વ્હીલર, (૯) કિસાનપરા ચોક કેપિટલ હોટલ પાછળનું ગ્રાઉન્ડ - ટુ વ્હીલર, (૧૦) ચાણક્ય બિલ્ડિંગ ચોક પાસે નગર રચના અધિકારી કચેરીનું ગ્રાઉન્ડ - ટુ વ્હીલર માટે, (૧૧) ધર્મેન્દ્રસિંહજી કોલેજ ગ્રાઉન્ડ - ફોર વ્હીલર, (૧૨) સરકીટ હાઉસ સામે મેમણ બોર્ડિંગનું ગ્રાઉન્ડ - ટુ વ્હીલર માટે, (૧૩) રૂરલ એસ.પી. સાહેબના બંગલાવાળી શેરી આઈ.બી. ઓફિસથી પ્રેસ સુધી- ટુ વ્હીલર માટે, (૧૪) સર ગોસલીયા માર્ગ હેલ્થ ઓફિસની દિવસ સુધી - ટુ વ્હીલર માટે, (૧૫) હોમગાર્ડ ઓફિસર કોલોની બહુમાળી ભવન સામે - ફક્ત સરકારી વાહનો માટે ૧૮ ઓગસ્ટના ૨૦૨૫ રોજ લોકમેળો પૂર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામું અમલી રહેશે. સરકારી ફરજ પરના વાહનોને આ જાહેરનામું લાગુ નહી પડે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# સતત ચોથા વર્ષે જન્માષ્ટમી મહોત્સવ સમિતિના અધ્યક્ષ તરીકે વાવડીના રાજદીપસિંહ જાડેજાની વરણી

રાજકીય, સામાજિક, સંતો-મહંતો તથા સંસ્થાઓએ તેમનું હાર્દિક સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રીકૃષ્ણના અવતરણ પર્વ પર ભાવ ભક્તિ અને ઉલ્લાસનો મહાપર્વને ઉજવવા રાજકોટની ધર્મપ્રેમી પ્રજાજનોમાં જન્માષ્ટમી મહોત્સવને ધામધૂમથી ઉજવવા થનગનાટ વ્યાપ્યો છે. વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિની માર્ગદર્શક સમીતી ના માવજીભાઈ ડોડિયાં, નરેન્દ્રભાઈ દવે. હસુભાઈ ભગદે, હસુભાઈ ચંદારાણા, શાંતુભાઈ રૂપારેલીયા, વનરાજભાઈ ગરૈયા, નીતેશભાઈ કથિરિયા, અશોકભાઇ મકવાણા ની બેઠકમાં સર્વાનુમતે નક્કી થયા મુજબ આગામી જન્માષ્ટમી મહોત્સવ સમીતી - ૨૦૨૫ ના અધ્યક્ષ તરીકે શ્રી રાજદીપસિંહ જાડેજા (રાજાભાઈ - વાવડી) ની વરણી કરવામાં આવી છે તેવુ જન્માષ્ટમી મહોત્સવ સમીતીના મંત્રી પરેશભાઇ રુપારેલિયાએ જણાવ્યુ હતુ. રાજાભાઇ છેલ્લા ૪ વર્ષ થી જન્માષ્ટમી મહોત્સવ સમીતી ના અધ્યક્ષ તરિકે સેવા આપે છે. રાજાભાઇ ખુબજ ઉત્સાહી, સેવાભ-ાવી અને ધર્મનિષ્ઠ વ્યક્તી છે. તેઓ જન્માષ્ટમી મહોત્સવ અંતર્ગત થતા તમામ ધાર્મીક, સામાજિક અને સંસ્કૃતીક કાર્યક્રમો મા તન, મન, ધન થી સેવા આપવા હમેશને માટે તત્પર હોય છે.

તેમનો રાજકીય પ્રવાસ પણ પ્રશંસનીય રહ્યો છે. હાલમાં તેઓ રાજકોટ શહેર ભાજપના ઉપપ્રમુખ અને સહસંયોજક સાંસ્કૃતિક સેલ (રાજકોટ તાલુકા) તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. અગાઉ તેઓ રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૨ના કારોબારી તરીકે પણ સક્રિય રહીને સંગઠનને મજબૂત કરવામાં તેઓનો સિંહ ફાળો રહ્યો છે.

જેઓ, સામાજિક ક્ષેત્રે અનેક સંગઠનોમાં જોડાયેલ છે. રાજકોટ તાલુકા રાજપૂત ક્ષત્રિય યુવા સમાજના પ્રમુખ; રાજપૂતાના સ્પોર્ટ્સ ક્લબ ગુજરાત ના સભ્ય અને આર.વાય.એન.એલ. અપના બેન્ક; તેમજ શ્રી ચંદ્રસિંહજી ભાડવા સ્ટડી સર્કલ સંગઠન મંત્રી તરીકે કાર્યરત છે. ઉપરાંત તેઓ પૂર્વ ઉપપ્રમુખ રાજપુત કરણી સેના, રાજકોટ જિલ્લા. પૂર્વ પ્રમુખ વીરપુર તાલુકા રાજપૂત યુવા સમાજ મા નિષ્ઠાપૂર્વ કામગીરી કરીને સંસ્થાનું નામ રોશન કરેલ છે.

તેઓ સહકારી ક્ષેત્રે પણ સેવા આપતા રહે છે. જેમ કે શ્રી શુભલક્ષ-મી ક્રેડિટ કોઓપરેટિવ સોસાયટી મવડી જૂથ સેવા સહકારી મંડળી મા તેઓ કાર્યરત છે.

વધુમાં, સ્પોર્ટ્સ ક્ષેત્રે જેઓ ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન એક્ઝિક્યુટિવ મેમ્બર તરીકે તેમજ ગીર ફૂટબોલ એસોસિએશન વાઇસ પ્રેસિડેન્ટ; માસ્ટર એફ સી ફૂટબોલ એસો. રાજકોટના ચેરમેન ગુજરાત ફૂટબોલ ગ્રાસરૂટ કમિટી મેમ્બર; દેવભૂમિ દ્વારકા જિલ્લા ક્રિકેટ એસોસિએશનમાં તેઓ પ્રેસિડન્ટ તરીકે સફળતા પૂર્વક કામગીરી કરીને સંસ્થાઓનું નામ રોશન કરેલ છે.

# યાત્રીઓની સુરક્ષા માટે સંકલ્પબદ્ધઃ આરપીએફ રાજકોટ ડિવીઝનની સરાહનીય ઉપલબ્ધિઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવીઝન નું રેલવે સુરક્ષા બળ (આરપીએફ) કાયદો અને વ્યવસ્થા જાળવવા સાથે રેલવે પરિસર, રેલ યાત્રીઓ અને માળખાકીય સુવિધાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નોંધપાત્ર પ્રદર્શન કરી રહ્યું છે. જુલાઈ મહિના (૦૧.૦૭.૨૦૨૫ થી ૧૪.૦૭.૨૦૨૫ સુધી) માં ''સેવા જ સંકલ્પ'' હેઠળ, આઈજી-કમ-પ્રિન્સિપલ ચીફ સિક્યુરિટી કમિશનર અજય સદાનીના કુશળ નેતૃત્વમાં, આરપીએફ રાજકોટ મંડળે વિવિધ અભિયાનો દ્વારા યાત્રીઓને વિવિધ રીતે સેવાઓ પૂરી પાડી છે.

રેલવે સુરક્ષા બળ દ્વારા વર્તમાન વર્ષ ૨૦૨૫માં જુલાઈના આ ૧૪ દિવસોમાં કરવામાં આવેલા ઉત્કૃષ્ટ કાર્યોનું વિવરણ નીચે મુજબ છે

૧) ઓપરેશન અમાનત રેલવે સુરક્ષા બળે ''ઓપરેશન અમાનત'' હેઠળ ફરજ દરમિયાન સહયોગની ભાવનાનો પરિચય આપતા, પશ્ચિમ રેલવે રાજકોટ ક્ષેત્રાધિકારમાં યાત્રીઓ દ્વારા યાત્રા દરમિયાન વિવિધ રેલવે સ્ટેશનો/મુસાફરી ટ્રેનોમાં ભૂલથી છૂટી ગયેલા કુલ ૨૪ યાત્રીઓના લગભગ ૩,૧૯,૮૭૩ રૂપિયાની કિંમતના યાત્રી સામાનને સહીસલામત યાત્રીઓને સુપરત કર્યો.

૨) ઓપરેશન સતર્ક આરપીએફએ ''ઓપરેશન સતર્ક'' હેઠળ ગેરકાયદેસર દારૂની તસ્કરીના કેસમાં એક વ્યક્તિને પકડ્યો. પશ્ચિમ રેલવે રાજકોટ ક્ષેત્રાધિકારમાં ચલાવવામાં આવી રહેલા આ અભિયાનમાં, એક વ્યક્તિને ગેરકાયદેસર દારૂની તસ્કરીના કેસમાં પકડવામાં આવ્યો અને આગળની કાયદાકીય કાર્યવાહી માટે સંબંધિત રાજકીય રેલવે પોલીસને સોંપવામાં આવ્યો. જ્યાં આરોપી વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી અમલમાં મુકવામાં આવી.

૩) ઓપરેશન નન્હે ફરિશ્તે ''ઓપરેશન નન્હે ફરિશ્તે'' હેઠળ આરપીએફએ ઘરથી ભાગી ગયેલા બાળકને તેના પરિવારજનો સાથે મેળવ્યો. આ અભિયાનમાં, ઘરથી ભાગીને જઈ રહેલા એક ૧૩ વર્ષીય બાળકને તેના પરિવારજનોને સુપરત કરવામાં આવ્યો.

૪) ઓપરેશન ડિગ્નિટી આરપીએફએ ''ઓપરેશન ડિગ્નિટી'' હેઠળ બે વર્ષથી લાપતા મહિલાને તેના પરિવારજનો સાથે મેળવી. બે વર્ષ પહેલા ઘરથી ભાગી ગયેલી એક મહિલા, જેની માનસિક સ્થિતિ સારી ન હતી, તેને તેના પરિવારજનોને સુપરત કરવામાં આવી.

૫) ઓપરેશન ઉપલબ્ધ રેલવે સુરક્ષા બળે રેલવે ટિકિટોની કાળા-બજારી કરનારને પકડ્યો. ''ઓપરેશન ઉપલબ્ધ'' હેઠળ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં, પશ્ચિમ રેલવે રાજકોટ ક્ષેત્રાધિકારમાંથી રેલવે ટિકિટોની કાળાબજારી કરનાર એક વ્યક્તિને પકડીને, આરોપી વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી અમલમાં મુકવામાં આવી.

૬) ઓપરેશન રેલ સુરક્ષા રેલવે સુરક્ષા બળે રેલવે સંપત્તિની ચોરી કરનારા ચોરોને પકડ્યા. ''ઓપરેશન રેલ સુરક્ષા'' હેઠળ પોતાની ફરજ દરમિયાન સતર્ક રહેતા, પશ્ચિમ રેલવે રાજકોટ ક્ષેત્રાધિકારમાં રેલવે સંપત્તિની ચોરીના ૦૧ કેસમાં ૦૩ આરોપીઓને પકડીને, તેમના વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી અમલમાં મુકવામાં આવી.




૭) ઓપરેશન સમય પાલન રેલવે સુરક્ષા બળે રેલવે ગાડીઓની અવરજવરને પ્રભાવિત કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરી. પશ્ચિમ રેલવે રાજકોટ ક્ષેત્રાધિકારમાં ''ઓપરેશન સમય પાલન'' હેઠળ મુસાફરી ગાડીઓમાં ચેન પુલિંગ કરીને અવરજવરને પ્રભાવિત કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરતા કુલ ૧૫ કેસોમાં ૧૪ આરોપીઓને પકડવામાં આવ્યા, જેમના વિરુદ્ધ રેલ અધિનિયમ હેઠળ આવશ્યક કાયદાકીય કાર્યવાહી અમલમાં મુકવામાં આવી.

૮) ઓપરેશન જનજાગરણ રેલવે સુરક્ષા બળ દ્વારા પશ્ચિમ રેલવે રાજકોટ ક્ષેત્રાધિકારમાં ''ઓપરેશન જનજાગરણ'' હેઠળ યાત્રીઓને જાગૃત કરવા માટે અભિયાન ચલાવવામાં આવ્યું. તમામ આરપીએફ પોસ્ટ/ચોકીઓ પર બેનર, પી.એ. સિસ્ટમ દ્વારા ઘોષણા, ગામના સરપંચો/પ્રધાનો સાથે બેઠક કરીને જન જાગૃતિ કાર્યક્રમો (રેલવે લાઇન પાર ન કરવા, ગાડીઓ પર પથ્થરબાજી ન કરવા, નશાખોરી, મહિલા સુરક્ષા, માનવ તસ્કરી વગેરે) આયોજિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, રાજકોટ સ્ટેશન પર આરડીએન (રેલવે ડિસ્પ્લે નેટવર્ક) પર યાત્રી જાગૃતિ વીડિયો પણ પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે.

# રાજકોટમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ૧૮૫ લોકોને સી.એ.એ.અંતર્ગત મળ્યું ભારતીય નાગરિકત્વ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

''ખુશ રહો, હસતા રહો, હવેથી તમે મહાન ભારતના નાગરિક છો''.. પાકિસ્તાનથી વિસ્થાપિત થઈને કચ્છ, મોરબી તથા રાજકોટ જિલ્લામાં વસેલા ૧૮૫ જેટલા લોકો આ શબ્દો સાંભળવા માટે વર્ષોથી તરસતા હતા... અને આજે તેમની અભિલાષા પૂર્ણ થઈ હતી. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આજે રાજકોટમાં મૂળ પાકિસ્તાનના ૧૮૫ લોકોને સિટીઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૧૯ હેઠળ 'ભારતીય નાગરિકતા એનાયત' કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમપ્રકાશના નિર્દેશ મુજબ, રાજકોટમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આત્મીય યુનિવર્સિટી ખાતે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કેમ્પ યોજવામાં આવ્યો હતો.



આ અવસરે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, જેમને ભારતીય નાગરિકતા પ્રાપ્ત થઈ છે, તેવા પાકિસ્તાનથી વિસ્થાપિત લોકો માટે આજથી નવું જીવન શરૂ થયું છે. મંત્રીશ્રીએ જ્યારે કહ્યું કે, ''હસતા રહો.. હવેથી તમે મહાન ભારત દેશના નાગરિકતા છો..'' ત્યારે ઉપસ્થિત લોકોએ ''ભારત માતા કી જય''ના નાદ સાથે તેમને વધાવી લીધા હતા.

મંત્રીશ્રીએ રાજકોટની ભૂમિને વંદન કરતા કહ્યું હતું કે, આ ભૂમિએ ગુજરાતને શ્રેષ્ઠ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી આપ્યા હતા અને હાલ દેશના લોકોએ તેમને શ્રેષ્ઠ વડાપ્રધાન તરીકે ચૂંટ્યા છે. આ જ ભૂમિએ હવે પાકિસ્તાનથી વિસ્થાપિત થયેલા મૂળ ભારતના ૧૮૫ લોકોને નવું જીવન આપ્યું છે.

પાકિસ્તાનમાં લઘુમતીમાં રહેતા હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ વગેરે પર થતા અત્યાચારોનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, જો આ વિસ્થાપિત લોકોની વેદના સાંભળીએ તો આંખોમાંથી આંસુ ના રોકાય, રૂંવાડા ઊભા થઈ જાય. પાકિસ્તાનમાં થતા અત્યાચારમાં કોઈ બહેને પતિ ગુમાવ્યા, તો કોઈએ સળગતું ઘર મુકીને નીકળી જવું પડ્યું. આવી સ્થિતિમાં આ લોકોએ ત્યાં વર્ષો કાઢ્યા છે. આ તમામ લોકોની સહન શક્તિને વંદન છે.

# ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટમાં પોલીસ અધિકારીઓ-વકીલો સાથે બેઠક યોજી





ગુનો આચરતા તત્વો સામે કડક હાથે કામ લેવાશે મંત્રી હર્ષ સંઘવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે રાજકોટમાં સર્કિટ હાઉસ ખાતે પોલીસ અધિકારીઓ અને કાયદાવિદો સાથે બેઠક યોજી રાજકોટ શહેર-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. મંત્રીએ ગુંડા અને અસામાજિક તત્વો સામે ધાક બેસાડતી કાર્યવાહી કરવા અને નાગરિકો સુરક્ષિત મહેસૂસ કરે તેવું વાતાવરણ જાળવવા પર ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં રાજકોટના વિવિધ વકીલોએ ગૃહ રાજ્યમંત્રી સમક્ષ વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. મંત્રીએ આ પ્રશ્નોનો પોલીસ અધિકારીઓ સાથે મળીને સકારાત્મક ઉકેલ લાવવા હૈયાધારણા આપી હતી.

મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં ગુનેગારો અને અસામાજિક તત્વોમાં કાયદાની ધાક બેસે અને અને નાગરિકો સુરક્ષિત મહેસૂસ કરે તે માટે ગુજરાત પોલીસે વિશેષ ડ્રાઇવ શરૂ કરી છે. જેમાં ગુનો કરવાની ટેવ ધરાવતા તત્વો તથા અસામાજિક તત્વો સામે કડક હાથે કામ લેવાઈ રહ્યું છે. આવા તત્વોને કડક સજા થાય તે માટે વકીલોની ભૂમિકા પણ ખૂબ મહત્વની હોવાનું તેમણે જણાવ્યું હતું.

રાજકોટ શહેર-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના સુચારુ સંચાલન માટે પોલીસ તથા વકીલોની સમયાંતરે સંયુક્ત સંકલન બેઠક કરવા પણ તેમણે સૂચન કર્યું હતું.

આ બેઠકમાં રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, રાજકોટ શહેર ડી.સી.પી. ઝોન-૧ સજનસિંહ પરમાર, રાજકોટ જિલ્લા પોલીસવડા હિમકરસિંહ, ડી.સી.પી.- ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, ડી.સી.પી.-ટ્રાફિક પૂજા યાદવ, ડી.સી.પી. ઝોન-૨ જગદીશ બાંગરવા, રાજકોટ મધ્યસ્થ જેલ પોલીસ અધિક્ષક રાઘવ જૈન, ધારાસભ્ય સર્વ ઉદય કાનગડ, ડૉ. દર્શિતાબહેન શાહ, અગ્રણી ભરતભાઈ બોઘરા, માધવ દવે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયા શિવાલયો



આજથી પવિત્ર શ્રાવણ માસનો મંગલ પ્રારંભ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પવિત્ર શ્રાવણ માસનો આજથી મંગલ પ્રારંભ થયો છે. જીવ શિવમાં લીન થશે. આખો મહીનો મહાદેવની ભક્તિ ચાલશે. શ્રાવણ માસના આજે પ્રથમ દિવસે જ વહેલી સવારથી જ શિવાલયો હર હર મહાદેવ, ૐ નમઃશિવાય, બમ બમ ભોલેના નાદોથી ગુંજી ઉઠયા હતા. રાજકોટના આજીનદીના કાંઠે બિરાજતા સ્વયંભુ શ્રીરામનાથ મહાદેવ મંદિરે શ્રાવણના પ્રથમ દિવસે જ ભાવિકોએ દર્શન પૂજા માટે કતારો લગાવી દીધી હતી. શહેરના શ્રી જાગનાથ મહાદેવ, શ્રી આશુતોષ મહાદેવ, શ્રી ધારેશ્વર મહાદેવ, શ્રી પંચનાથ મહાદેવ મંદિર, શ્રી મહાકલેશ્વર મહાદેવ, શ્રી ગંગેશ્વર મહાદેવ તેમજ અન્ય શિવાલયોમાં પણ આજથી આખો શ્રાવણ માસ વિવિધ અભિષેક, સ્તોત્રપાઠ, પૂજન, યજ્ઞ સહીતના કાર્યક્રમોના આયોજનો થયા છે. આખો મહીનો પાઠ પૂજના કથા વાંચન અને સત્સંગના કાર્યક્રમો ચાલશે. લોકો વ્રત-જપ-તપ-ઉપવાસ-એકટાણા કરીને ભગવાન શિવની ભક્તિ કરશે. શિવાલયોમાં દર સોમવારે વિશેષ શોભાના દર્શનો ખુલ્લા મુકાશે. ઉપરોકત તસ્વીરોમાં રાજકોટના સુપ્રસિધ્ધ શ્રી રામનાથ મહાદેવ, શ્રી પંચનાથ મહાદેવ અને શ્રી કાશી વિશ્વનાથ મંદિરે દર્શન પૂજન માટે ઉમટી પડેલ ભાવિક ભકતોની છે.

# નાયબ મ્યુ.કમિશનર મનીષ ગુરવાનીએ બસ ચેકીંગ ડ્રાઇવ યોજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની હસ્તાંતરિત કંપની રાજકોટ રાજપથ લી. દ્વારા સીટી બસ તથા બી.આર.ટી.એસ. બસનું સંચાલન કરવામાં આવે છે. હાલ સી.એન.જી. અને ઈલેક્ટ્રિક બસ દ્વારા શહેરી પરિવહન સેવા પૂરી પાડવામાં આવી રહેલ છે. રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ રાજકોટ રાજપથ લિ. દ્વારા તા.૨૪/૦૭/૨૦૨૫, ગુરુવારનાં રોજ બસ ચેકીંગ માટેની ડ્રાઈવ યોજવામાં આવી, જેમાં ટીકીટ આપવાની કામગીરીમાં અનિયમિતતા સબબ પકડાયેલ કુલ ચાર કંડકટરોને ફરજ મુક્ત કરવામાં આવ્યા છે તથા ટીકીટ વગર મુસાફરી કરતા બે પેસેન્જર પાસેથી પેનલ્ટીની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં સીટી બસ સેવાનું સંચાલન કરતી રાજકોટ રાજપથ લી.ની યાદીમાં જણાવ્યાનુંસાર બસમાં ટિકીટ લેવી તે મુસાફરીની પ્રાથમિક જવાબદારી છે અને વગર ટિકીટ મુસાફરી કરતા પકડાયેથી તેની સામે દંડનિય કાર્યવાહી થઈ શકે છે. આ ઉપરાંત ટિકીટ આપવા અંગે કંડકટર દ્વારા કોઈપણ પ્રકારની અનિયમીતતા ધ્યાને આવે તો મુસાફરો કોલ સેન્ટર નંબર ૧૫૫૩૦૪ પર ફરીયાદ કરી શકે છે. આ બન્ને બસ સેવાને વધુને વધુ લોકાભિમુખ બનાવવા તથા જાહેર પરિવહન સેવાનો વધુને વધુ ઉપયોગ કરી ટ્રાફિક અને પ્રદૂષણની સમસ્યાને હલ કરવા મદદરૂપ થવા શહેરીજનોને અનુરોધ કરવામાં આવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સ્માર્ટ મીટર લગાવો તો જ વીજ લાઇન ઉપરથી ઝાડની ડાળી હટાવાશે!

## પીજીવીસીએલ ધરાર હવે લોકોની સુરક્ષા સાથે ખિલવાડ શરૂ કર્યાઃ કૈલાસ સોસાયટીના રહેવાસીઓને કડવો અનુભવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાધુ વાસવાણી રોડ ઉપર આવેલ કૈલાશ સોસાયટીના રહેવાસીઓએ લોકોએ વીજલાઈન પર રહેલી ડાળીઓ દૂર કરવા અરજી કરતા પીજીવીસીએલના અધિકારીએ લેખિતમાં એવી સૂચના આપી હતી કે, સોસાયટીના લોકો પહેલાં સ્માર્ટ મીટર લગાવે તો જ ડાળીઓ કાપવી. પીજીવીસીએલના આવા રવૈયા સામે સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે.





પ્રાપ્ત વિગતો મુજબ શહેરના કૈલાશ પાર્ક વિસ્તારમાં આવેલા ''સંકલ્પ સિદ્ધ' એપાર્ટમેન્ટના રહીશોએ વીજલાઈન પર લટકતી વૃક્ષની ડાળીઓ દૂર કરવાની લેખિત અરજી પીજીવીસીએલમાં કરી હતી. અરજદારોએ ચોમાસા પૂર્વે સંભવિત અકસ્માતને ટાળવા તાત્કાલિક કાર્યવાહી માગી હતી. પરંતુ પીજીવીસીએલના સ્થાનિક અધિકારીએ આ અરજી સાથે મોકલેલ કર્મીઓને સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતું કે, પહેલા સ્માર્ટ મીટર લગાવો, ત્યારબાદ ફરિયાદ એટેન્ડ કરવી ! આ ઉલટા શરત જેવી લાગતી ફરમાવટ પર રહીશોએ વાંધો ઉઠાવ્યો તો કર્મચારીઓ વિવાદ ટાળતા ઘટના સ્થળેથી જ ભાગી ગયા હતા. બીજી તરફ ફ્લેટના રહીશોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો રેકોર્ડ કરી લીધો હતો અને પીજીવીસીએલની દાદાગીરી સોશિયલ મીડિયા ઉપર પ્રદર્શિત કરી હતી. સાથે જ હાલમાં ચોમાસાની સીઝનમા અકસ્માતે કોઈ

શોર્ટ સર્કિટ થાય અને બાળકો નીચે પાર્કિંગમાં રમતા હોય ત્યારે જવાબદારી કોની તેવા સવાલો પણ કર્યા હતા. આ મામલે ફ્લેટ ધારકોએ જણાવ્યું હતું કે, લોકોની જાનમાલ કરતા પીજીવીસીએલને સ્માર્ટ મીટર લગાડવાની પડી છે તે દુઃખદ છે. અમે પુરુ વીજબિલ ભરીપે છે જેથી વીજલાઈન મુદે તમામ પ્રશ્નોની નિરાકરણની જવાબદારી તંત્રની હોય છે તેમ છતાં આવી મજબૂરીનો લાભ ઉઠાવે તે શરમજનક છે. અમારા ફ્લેટમાં ૨૫ પરિવારો રહે છે એટલે બધામે સ્માર્ટ મીટર લગાવું કે નહીં તે બધાની સમંતિ લેવી પડે ત્યારે પહેલા જે ગંભીર પ્રશ્ન છે તે સોલ્વ કરાઈ કે સ્માર્ટ મીટર લગાડવાની ચિંતા કરાઈ ? તેવો સવાલ પણ અંતમાં ઉઠાવ્યો હતો.

# શહેરમાં બોગસ આધારકાર્ડ સેન્ટરનો પર્દાફાશ

### ક્રાઈમ બ્રાન્ચની ટીમે ખોટા ડોકયુમેન્ટનાં આધારે આધારકાર્ડ બનાવનાર છ શખ્સોની કરી ધરપકડ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

બ્રહ્મસમાજ ચોકમાં આવેલા આધારકાર્ડ સેન્ટરમાં કાઈમ બ્રાંચે દરોડો પાડયો હતો. બ્રહ્મસમાજ ચોકમાં આવેલા આધારકાર્ડ સેન્ટરમાં ખોટા ડોક્યુમેન્ટનાં આધારે આધારકાર્ડ બનાવી આપવાના રેકેટનો પર્દાફાશ થયો છે જેના આધારે આ મામલે કાઈમ બ્રાંચ સમક્ષ પહોંચતાં ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડયો હતો અને આ મામલે રાજકીય અગ્રણીના એક સંબંધીને સકંજામાં લઈ પુછપરછ હાથ ધરી છે. આ મામલે હજુ પણ મોટા ખુલાસા થઈ શકે છે.

આ અંગેની મળતી વિગતો મુજબ શહેરના બ્રહ્મસમાજ ચોકમાં આવેલા સેન્ટરમાં ખોટા દસ્તાવેજના આધારે આધારકાર્ડ બનાવવામાં આવતું હોવાની માહિતી ક્રાઈમ બ્રાંચને મળી હોય જેના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે ગુપ્તરાહે તપાસ કરી આજે આધારકાર્ડ સેન્ટરમાં દરોડો પાડયો હતો. બ્રહ્મસમાજ ચોક ખાતે આવેલા આધારકાર્ડ સેન્ટરમાં દરોડો પાડવામાં આવતાં ત્યાંથી કેટલાક શંકાસ્પદ દસ્તાવેજો મળી આવ્યા હતાં. ખોટા ડોકયુમેન્ટના આધારે નીકળેલા આધારકાર્ડ અંગે પણ ક્રાઈમ બ્રાંચે તપાસ શરૂ કરી છે અને આ મામલે એક રાજકીય અગ્રણીના નજીકનાં સંબંધીની ધરપકડ પણ કરવામાં આવી હતી. પોલીસે રવિભાઈ ખીમજીભાઈ ધંધાણીયા, હરેશભાઈ પ્રાગજીભાઈ સાકરીયા, બીપીનભાઈ ઉર્ફે વિશાલ પ્રવિણભાઈ ચોવટીયા, જુગેશભાઈ સાધુરામભાઈ બેશરા, સાર્થકભાઈ જયંતિભાઈ બોરડ અને ધનપાલભાઈ રમેશભાઈ બોરીચાને અલગ અલગ ઈલેક્ટ્રોનિક સાધનો તથા ડોક્યુમેન્ટ્સ મળી કુલ કિ.રૂ.૭૬,૬૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે હાલ સરકાર દ્વારા નકલી ડોકયુમેન્ટના આધારે નીકળતાં આધારકાર્ડને લઈને ખુબ ગંભીર બની છે અને આ મામલે સરકારે નકલી ડોકયુમેન્ટના આધારે નીકળતાં આધારકાર્ડ અંગે તપાસ કરવા આદેશ આપ્યા છે. આવા નકલી ડોકયુમેન્ટના આધારે નીકળતાં આધારકાર્ડનો દેશ વિરોધી પ્રવૃત્તિ તેમજ સાયબર કોડમાં ઉપયોગ થતો હોય ત્યારે રાજકોટ શહેરનાં બ્રહ્મસમાજ ચોકમાં આધારકાર્ડ સેન્ટરમાં આવા નકલી ડોકયુમેન્ટના આધારે આધારકાર્ડ બનાવી દેવાનું રેકેટ ખુલ્યું છે જે મામલે હાલ કાઈમ બ્રાંચની ટીમ ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે. આધારકાર્ડ સેન્ટરમાં કામ કરતાં કર્મચારીઓ તથા અન્ય કોની કોની આમા સંડોવણી છે તેને લઈને જીણવટપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી આ કૌભાંડ ચાલનું હતું અને કોને કોને આવા નકલી ડોક્યુમેન્ટના આધારે આધારકાર્ડ કાઢી આપવામાં આવ્યા છે ? તે સહિતની બાબતો ઉપર હાલ તપાસ ચાલુ છે અને હજુ પણ આ મામલે વધુ પરસ્પકડ થાય તેવી શક્યતા છે.

# લાતીપ્લોટમાં મીલકત વેંચવાના બહાને કમિશન એજન્ટ સાથે વકીલ અને ફાયન્સ પેઢીના માલિકે કરી રૂ.૨.૬૫ કરોડની ઠગાઇ

### બેંકના ખોટા આરટીજીએસ અને બનાવટી સીક્કા બનાવી છેતરપીંડી કરતા ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં વકીલ સહિત ૨ સામે નોંધાયો ગુન્હો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર આવેલા લાતીપ્લોટમાં સાત કરોડની કિંમતની મીલ્કત વેંચવાના બહાને કમિશન એજન્ટ સાથે ફાયન્સ કંપનીના માલિક અને લીગલ એડવાઇઝર વકીલે રૂ.૨.૬૫ કરોડની ઠગાઇ કરતા પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ કોઠારીયા રોડ પર આશોપાલવ સોસાયટીમાં રહેતો અને જમીન મકાન લે-વેંચનું કામ કરતા દિનેશભાઇ ઠાકરશીભાઇ કજુડીયા (ઉ.વ.૪૦) નામના પટેલ યુવાને રાજ રાધે ફાયનાન્સ લીમીટેડ પેઠીના માલિક અમદાવાદ ખાતે રહેતા દેવલસાહ તથા આ કંપનીના લીગલ એડવાયઝર અને રાજકોટમાં અયોધ્યા ચોક પાસે ટાઇમ્સ સ્કવેર બિલ્ડીંગમાં ઓફિસ ધરાવતા વકીલ જીજ્ઞેશ બાલકૃષ્ણ શાહ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ આ પટેલ યુવાનને લાતીપ્લોટમાં આવેલ સાત કરોડની મીલ્કત જે રાજ રાધે ફાયન્સની માલિકીની હોય જેની રૂ.૨.૫૦ કરોડમાં હરરાજી કરવાની હોય આ મીલકત ખરીદવા યુવાને રૂ.૭૦ લાખ ત્યાર બાદ રોકડ અને સ્ટેમ્પ ડયૂટી સહિતની રૂ.૨.૬૫ કરોડની રકમ ચૂકવી દીધી હતી. પરંતુ રાજ રાધે ફાયન્સના માલિક દેવલશાહ અને લીગલ એડવાઇઝર જીજ્ઞેશ શાહ દસ્તાવેજ નહીં કરી આપી અને યુવાનને બેંકના સીક્કા વાળા ખોટા આરટીજીએસના ફોર્મ બતાવી તથા અન્ય મીલ્કતના ખોટા સાટાખત કરી દઇ છેતરપીંડી કરતા ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે પીઆઇ સી.વાય.મહાલે સહિતના સ્ટાફે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ભગવતીપરામાં પતિના માસિયાઇ ભાઈએ જ ભાભી પર આચર્યુ દુષ્કર્મ

### બન્ને પરિવાર દિવ ફરવા ગયા બાદ ભાઈને ચિક્કાર નશો કરાવી સૂવડાવી દીધા બાદ તેના રૂમમાં ઘૂસી ભાભીને લગ્નની લાલચ આપી શરીરસંબંધ બાંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભગવતીપરામાં રહેતી ૩૦ વર્ષીય પરિણીતાએ પતિના જ માસિયાઈ ભાઈ સામે દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ નોંધાવતાં ફરી એકવાર પારિવારિક સંબંધોને ડાઘ લાગ્યો છે. પરિણીતાએ પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેના પતિના માસીનો દિકરો દિલીપ ઉર્ફે ઈલુ કિશોરભાઈ સોલંકી કે જે જામનગર રહે છે તેના સંપર્કમાં આવ્યા બાદ દિલીપે પરિણીતાની ચઢામણી શરૂ કરી તારો પતિ દારૂ પીવાની ટેવવાળો છે, તને બરોબર રાખતો નથી અને મારી પત્ની મારા મમ્મીને બરોબર રાખતી નથી એટલે આપણે બન્નેએ લગ્ન કરી લેવા જોઈએ' તેવો વાયદો કર્યો હતો. આ પછી પરિણીતાનો જન્મદિવસ હોય તે અને તેનો પતિ તેમજ દિલીપ અને તેની પત્ની સહિતના દિવ ફરવા ગયા હતા. અહીં પહોંચ્યા બાદ દિલીપ અને પરિણીતાના પતિએ દારૂનો નશો કર્યો હતો. પરિણીતાનો પતિ ચીક્કાર દારૂ પીને સૂઈ ગયા બાદ રાત્રે બે વાગ્યે દિલીપ પરિણીતાના રૂમમાં ઘૂસ્યો હતો અને લગ્નનું વચન આપીને શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ પછી તેણે શહેરની અલગ-અલગ હોટેલમાં ૩૦થી વધુ વખત પરિણીતા સાથે શારીરિક સંબંધ બાંધ્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો. આટલું ઓછું હોય તેમ આરોપી દિલીપ તેના જન્મદિવસે પરિણીતાને દ્વારકા ફરવા લઈ ગયા બાદ હોટેલમાં પરિણીતાને મંગલસૂત્ર પહેરાવી સેથો પણ પૂર્યો હતો. ત્યારબાદ અચાનક જ દિલીપે પરિણીતા સાથે લગ્ન કરવાનો ઈનકાર કરી તેને રવાના કરી દેતાં તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# લાખાજીરાજ રોડ ધંધાકીય હરિફાઈમાં વેપારી પર હુમલો

### ભાડુતી ગુંડાઓ રાખીને હુમલો કરાવવાનો વેપારીનો આક્ષેપ; ગેંગ સામે પાસા કે ગુજસીટોક લગાડવા માંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા લાખાજીરાજ રોડ પર રોનક સ્ટોર્સ નામે દુકાન ધરાવી વેપાર કરતા જૈન વેપારી બ્રીજેશ દોશી અને તેમનાં ભાઇ યશ દોશી પર બાજુમા જ જસ્સી ક્રિએશન નામે દુકાન ધરાવતા નીતીન પરમાર, તેમનાં ભાઈ મેહુલ પરમાર, સાગર, જય અને નવલ સહીત ૫ થી ૬ શખસોએ જાહેરમા હુમલો કરતા ઘટનાનો વીડીયો સોશ્યલ મીડીયામા વાયરલ થયો હતો. આ ઘટનામા ફરીયાદી વેપારી બ્રીજેશ દોશીએ એ ડીવીઝન પોલીસ મથકમા લેખીત અરજી આપતા ગુનો નોંધવા તજવીજ શરુ કરી છે.

આ અંગેની વિગતો મુજબ બ્રીજેશભાઈ જોશીએ જણાવ્યુ હતુ કે તેઓ પરીવાર સાથે રોનક સ્ટોર્સ નામે દુકાન ધરાવી વેપાર કરે છે. અને તેની બાજુમા જસ્સી ક્રિએશન નામે ભાડે દુકાન રાખી નીતીનભાઈ પરમાર ધંધો કરતો હોય આ નીતીન અને તેમનાં ભાઇ મેહુલ અવાર નવાર આ અમારો વિસ્તાર છે. અહીં ધંધો ન કરવો. તેવી ધમકી આપતા હતા. અને બ્રીજેશભાઈને દુકાન પાસે બળજબરીથી સ્કુટર પાર્ક કરી ત્યા કામ કરતા લોકોને પરેશાન કરતા હતા.



આ મામલે રોનક સ્ટોર્સમાં કામ કરતા માણસોને પરેશાન કરતા નીતીન અને મેહુલને સમજાવવા જતા તે લોકો ઉશ્કેરાયા હતા. અને પાંચ થી ૬ શખસોએ જાહેરમા હુમલો કર્યો હતો. જેથી બ્રીજેશભાઈ, તેમનાં ભાઈ યશ, માતા તેમજ બ્રીજેશભાઈનાં પત્ની ડરી ગયા હતા. અને તેઓએ આરોપીઓને સમજાવ્યા હતા. કે અહીં લુખ્ખાગીરી ન કરો અમે વેપારી માણસ છીએ. આમ છ્તા આરોપીઓએ હુમલો કરી વેપારી બંધુને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ બ્રીજેશ અને યશ ભાઇએ ૧૦૦ નંબરમા ફોન કરી પોલીસ બોલાવી હતી. અને પોલીસ સ્ટેશને પહોંચી લેખીત ફરીયાદ આપી હતી જેમા આરોપીઓ સામે ગુજસીટોક કે પાસા સહીતની કડક કાર્યવાહી કરવા માંગ કરી છે.

# રાજકોટમાં પત્નીએ પતિને ગર્લફ્રેન્ડ સાથે રંગે હાથ ઝડપી લેતા થયો બખેડો

### બહારગામ જવાનું કહી નીકળેલો પતિ મહિલા મિત્રના ઘરે પહોંચ્યો; વિડિયો કોલ નહીં કરતા ભાંડો ફૂટ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતો એક શખ્સ પત્ની અને પુત્રને સાસુને ત્યાં મુકી બહારગામ જઈ રહ્યાનું કહી રવાના થયો હતો. જો કે પત્નીને શંકા જતાં માતા સાથે મળી પતિની મહિલા મિત્રને ત્યાં તપાસ કરી હતી. જયાંથી પતિ અને તેની મહિલા મિત્ર રૂમમાંથી મળી આવ્યા હતા. ભાંડો ફૂટી જતાં ઉશ્કેરાઈ ગયેલા પતિએ પત્ની સાથે ઝપાઝપી કરી હતી. આ મામલે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

સાધુ વાસવાણી રોડ પરના વિસ્તારમાં રહેતાં રંજનબેન નામના મહિલાએ જણાવ્યું કે તેની પુત્રીએ બે વર્ષ અગાઉ ઉમંગ ભૂત સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. સંતાનમાં એક પુત્ર છે. ગઈ તા. ૧૮ના રોજ રાત્રે જમાઈ ઉમંગ તેની પુત્રી અને પુત્રને તેના ઘરે મુકી ગયો હતો. પોતાને પોલીસ શોધતી હોવાનું જણાવી બહારગામ જઈ રહ્યાનું કહી રવાના થઈ ગયો હતો. સવારે તે તેની પુત્રી સાથે પેન્શન લેવા ગયા હતા. પરત આવતી વખતે તેની પુત્રીને શંકા ગઈ હતી. કારણ કે તેનો જમાઈ તેની પુત્રીને વીડિયો કોલ કરતો ન હતો. જેથી તેની પુત્રી તેને લઈ પતિની મુંજકામાં રહેતી મહિલા મિત્રના ઘરે પહોંચ્યા હતા. જયાં તેનો પતિ તે મહિલા મિત્ર સાથે હાજર મળી આવ્યો હતો.જેથી તેણે જમાઈને ઠપકો આપતાં તેણે અને તેની મહિલા મિત્રએ તેની પુત્રી સાથે બોલાચાલી અને ગાળાગાળી કરી હતી. તેની સાથે પણ બંનેએ ઝેપાઝપી કરી હતી. એટલું જ નહીં તેની પુત્રીએ તેના મોબાઈલમાં ફોટા પાડતાં જમાઈએ તે મોબાઈલનો ઘા કરતાં ડીસ્પ્લે તુટી ગઈ હતી. તે વખતે તેના જમાઈએ કહ્યું કે જો હવે અહીં આવ્યા છો તો બંનેને જાનથી મારી નાખીશ. ત્યાર પછી પુત્રી સાથે ગાંધીગ્રામ-૨ પોલીસ મથકે જઈ જમાઈ ઉમંગ ગોવિંદ ભૂત અને તેની મહિલા મિત્ર સુમન ટહેલાણી સામે ફરિયાદ નોંધાવી હતી.રંજનબેને વધુમાં જણાવ્યું કે અગાઉ પણ તેની પુત્રીએ પતિને આ જ મહિલા મિત્ર સાથે પકડી લીધા હતા. તે વખતે તેના જમાઈએ તેની પુત્રીને હવે પછી આવું નહીં કરું તેમ કહેતાં મામલો થાળે પડયો હતો.

# મીરા ઉદ્યોગમાં સીએટ કંપનીની નકલી ટ્યુબ બનાવતું કારખાનું ઝડપાયું

### કંપનીના ઈન્વેસ્ટિગેશન ઓફિસરે પોલીસને સાથે રાખી પાડેલા દરોડામાં ડાઈ અને ટ્યુબ સહિતનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજી જીઆઈડીસીના મીરા ઉદ્યોગમાં આવેલા એક કારખાનામાં સીએટ કંપનીની વાહનોના ટાયરોની નકલી ટયુબો બનાવી વેંચાણ કરવામાં આવતું હોવાની માહિતી મળતાં કંપનીના ઈન્વેસ્ટીગેશન ઓફિસરે મોસળા પોલીસને સાથે રાખી દરોડો પાડતાં નકલી ટયુબોનો મોટો જથ્થો, ટયુબ પેક કરવાની બેગનો જથ્થો તેમજ સ્ટોલની ડાઈ મળી આવતા વતાં લાખોનો મુદ્દામાલ કબ્જે કરી ગુનો દાખલ કરાયો છે. જો કે કારખાનાના સંચાલક હાજર ન હોઈ તેની સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરવામાં આવી છે.

આ અંગે થોરાળા પેલી હરિયાણા સોનીપતમાં આર્યનગરમાં રહેતાં અને પ્રાઈમ પીઆર કંપનીમાં ઇન્વેસ્ટીગેશન ઓફિસર તરીકે નોકરી કરતાં સુશીલકુમાર રમેશકુમાર ચૌહાણ

(ઉ.વ.૩૮)ની ફરિયાદ પરથી આજી જીમાઈડીસી મીરા ઉદ્યોગમાં આવેલા સેયલ રબ્બર નામના કારખાનાના માલિક વિરૂધ્ધ બીએનએસની કલમો ૩૧૮ (૪) મુજબ સીએટ કંપનીની વાહનોના ટાયરોની ટયુબો બનાવી વેંચાણ કરવાનો ગુનો નોંધ્યો છે. કારખાનામાંથી રૂા. ૧૧,૩૧,૫૦૦ નો મુદામલ પણ કબ્જે લેવાયો હતો.

સુશિલકુમારે પોતાની કરિયાદમાં જણાવ્યું છે કે હું પ્રાઈમ આઈપીઆર કંપની કે જેની ઓફિસ નવી દિલ્હી ખાતે છે તેમાં ઈન્વેસ્ટીગેશન ઓફિસર તરીકે ફરજ બજાવું છું. અમારી સીએટ () કંપનીને સેલ્સ માર્કેટીંગના માણસો મારફત માહિતી મળી હતી કે ગુજરાતના સજકોટમાં આજી જીમાઈડીસીમાં મીણ ઉદ્યોગમાં આવેલા રોયલ બબ્બર નામના કારખાનામાં સીએટ કંપનીની ટયુબનું કોપી રાઈટ થાય છે અને બજારમાં તેનું વેચાણ પણ કરવામાં આવે છે.

આ હકિક્ત અમોને તપાસ કરી કોપીરાઈટ અંગે હેડ ઓફિસથી કાર્યવાહી કરવા લેટર આપવામાં આવતાં અમે રાજકોટ આવી થોરાળા પોલીસ સ્ટેશન ખાતે થાવા ઈન્ચાર્જને મળી માહિતીથી વાકેફ કર્યા હતાં. આ પછી પોલીસના સ્ટાફને સાથે

રાખી અમે મીરા ઉદ્યોગમાં આવેલા બાતમી મુજબના રોયલ રબ્બર નામના કારખાનામાં દરોડો પાડયો હતો. જ્યાં તપાસ કરતાં એક થેલામાંથી ઓટો કેટ પાવર કંપનીની ૨૫ નંગ ટુવ્હીલની ટયુબ મળી આવી હતી. આ એક નંગ ટયુબની કિંમત પેકેટ પર રૂા. ૩૩૦ લખેલી હતી. આવા કુલ ૧૯૫૦ નંગ મળી આવ્યા હતાં. જેની કિંમત ૫,૪૪,૫૦૦ થતીહતી. તેમજ ટ્યુબ પેકીંગ માટેની ઓટો કેટ પાવર કંપનીની પ્રિન્ટવાળી પેકીંગ બેગ પણ મળી હતી. જેના પ્લાસ્ટીકના કુલ ૨૧ થોળા મળ્યા હતાં. આ કોથળામાં ૨૭૦૦ નંગ હતા.

જેની કિંમત રૂ. ૫૬૭૦૦ થતી હતી. એક નંગની કિંમત આશરે ૧૦ ગણી કુલ ફો. ૫,૬૭,૦૦૦ની બેગ કબ્જે કરાઈ હતી.

તેમજ અમારી કંપનીની પ્રિન્ટ માટે સખવામાં આવેલી સ્ટીલની ડાઈ રૂા. ૨૦ હજારની પણ મળી હતી. આમ કુલ મળી રૂા. ૧૧,૩૧,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરાવ્યો હતો. ચેયલ રબ્બર નામના કારખાનામાં અમારી સી.એટ કંપનીના નામે વાહનોના ટાયરની ટયુબો બનાવી કોપીરાઈટ થતું હોઈ થોરાળા પોલીસમાં અમે ફરિયાદ દાખલ કરવી હતી. તેમ વધુમાં સુશિલકુમરે જણાવ્યું હતું. પીઆઈ એન. જી. વાઘેલાની રાહબરીમાં પીએસઆઈ એમ. એસ. મહેશ્વરી, ભરતસિંહ જાડેજા, નિલેષભાઈ તથા ડી. સ્ટાફની ટીમે કાર્યવાહી કરી સુશિલકુમારની ફરિયાદ પરથી ગુનો નોંધી આ કારખાનાના માલિક, સંચાલકની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટમાં અસામાજીક તત્વોના ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન







### યુનિવર્સિટી અને આજી ડેમ પોલીસે ગુનેગારો વિરૂધ્ધ કરી આકરી કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ખોખડદળ ગામે રોડ ક્રોસ કરતા હોર્ન વગાડવા જેવી સામાન્ય બાબતે માથાકુટ કરી મારામારી કરનાર અસામાજીક તત્વોની ગેરકાયદેસર ચીકનની તથા અન્ય દુકાનોનું ડીમોલેશન કરવામાં આવ્યું છે.

રાજકોટમાં આવેલા ખોખડદળ ગામે રોડ ક્રોસ કરવા માટે હોર્ન વગાડવા જેવી સામાન્ય બાબતે લુખ્ખાગીરી કરી મારામારી કર્યાની આજીડેમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, સંયુકત પોલીસ કમિશ્નર મહેન્દ બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર સજનસિંહ પરમાર અને મદદનીશ પોલીસ કમિ. બી.વી.જાધવના માર્ગદર્શન તેમજ સુચના મુજબ આજી ડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી.જાડે જાની રાહબરીમાં કોઠારીયા સોલવન્ટ ચોકીના પીએસઆઈ આર.એમ.સાખરા તથા આજી ડેમ પોલીસ સ્ટાફે ગુન્હામાં પકડાયેલ આરોપીઓ અસામાજીક તત્વો, ગુનાહીત પ્રવૃતી કરવા ટેવાયેલ હોય જેથી આરોપી તથા અન્યની ગેરકાયદેસર ચીકનની દુકાનનું ડીમોલેશન કરી જે અંગેની વિડીયોગ્રાફી કરી કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

# સિવિલ હોસ્પિટલના ધોબીએ કોન્ટ્રાકટર વિરૂદ્ધ નોંધાવી ફરિયાદ

### કોન્ટ્રાક્ટરે ૩૦ લાખ નહીં ચૂકવી પોલીસ કેસમાં ફીટ કરાવી દેવાની ધમકી આપ્યાનો આરોપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની પીડીયુ સરકારી હોસ્પિટલમાં છેલ્લા સમયથી કપડાનો વિવાદ ચાલી રહ્યો છે. અગાઉ કપડા વોશીંગનો કોન્ટ્રાક ધરાવતી કંપનીના કોન્ટ્રાક્ટરે ધોબી વિરૂદ્ધ કપડા અને કાર લઇ ગાયબ થઈ ગયા અંગેની પોલીસ કમિશનરને અરજી કરી હતી. ત્યારે હવે ધોબીએ પણ કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ રૂા. ૩૦ લાખ નહીં ચૂકવી પોલીસ કેસમાં ફીટ કરાવી દેવાની ધમકી આપ્યાની પોલીસ કમિશનરને લેખીત ફરિયાદ કરવામાં આવી છે.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં રૈયાગામે શિવાંશ એપાર્ટમેન્ટમાં રહેતા અને લોન્ડ્રીનો પેટા કોન્ટ્રાક્ટ ધરાવતા નિમેશ જીતેન્દ્રભાઈ ત્રિવેદીએ અમદાવાદની સાહસ સોલ્યુન્સ નામની કંપનીના કોન્ટ્રાક્ટર સંદીપ અનતરાય ત્રિવેદી વિરૂદ્ધ પોલીસ કમિશનરને અરજી કરી છે. જેમાં જણાવ્યા મુજબ આરોપી સંદીપ ત્રિવેદીની સાહસસોલ્યુન્સ પેઢીને પીડીયુ સિવિલ ૧૨-૯-૨૦૨૪થી લોન્ટ્રીડો કોન્ટ્રાક્ટ આપેલો હોય તેમાં તેઓને પેટા કોન્ટ્રાક્ટર આપેલો હોય દરમિયાન આ કોન્ટ્રાક્ટ તા.૨૦-૬-૨૫ના પૂર્ણ થઈ ગયેલો હોય જે કોન્ટ્રાક્ટ પેટે ફરિયાદીને રૂા.૩૦ લાખ આરોપી પાસેથી લેવાના નિકળતા હોય જે પૈકી આરોપીએ રૂ.૮ લાખનો ચેક આપેલો હતો અને બાકીની રકમ થોડા સમયમાં ચૂકવી આપશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

ફરિયાદીએ આ ચેક બેંકમાં જમા કરાવતા સ્ટોપ પેમેન્ટના શેરા સાથે પરત થયો હતો. આ બાબતે આરોપીની વાત કરતા તેને ઉશ્કેરાઈ જઈ આ ચેક મે જાણી જોઈને સ્ટોપ પેમેન્ટ કરાવેલો છે, માટે તેમને કોઈ પૈસા દેવાના નથી તમારે જે કરવુ હોય તે કરી લેજો ફરિયાદ કરવી ત્યા કરી લેજો તેમ કહી ઉધેતાઈ ભર્યુ વર્તન કર્યુ હતુ.'

બાદમાં તેઓએ આરોપીના મેનેજર ઉત્સવ પંડયાને લેણી રકમ ચૂકવવા જણાવતા તેણે પણ હાથ ઉચા કરી લીધા હતા અને આમા કઈ લેવા દેવાના હોય તમારે સાહેબ સાથે વાત કરી લેજો તેમ જણાવ્યું હતુ. બાદમાં ફરિયાદી આરોપીની ઓફિસે રૂબરૂ મળવા જતા ત્યા પણ આરોપીએ પોલીસના ખોટા કેસમાં ફીટ કરાવી દઇશ હવે અહીં આવવું નહીં તેમ કહી માથાકૂટ કરી હતી અને હવે જો ઉઘરાણી કરવા ફોન કર્યોતો સારાવાટ નહીં રહે તેમ કહી ધમકી આપી હતી.

આમ આરોપીએ ફરિયાદીના નાણા ન ચૂકવી તેમની સાથે છેતરપિંડી અને વિશ્વાઘાત કર્યો હોય આ અંગે પોલીસ કમિશનરને લેખીત ફરિયાદ કરી આરોપી સામે કાયદેસરકની કાર્યવાહી કરવા અને તેમની બાકી નીકળતી લેણી રકમ આરોપી પાસે કઢવી આપવા રજૂઆત કરી હતી.

આ ઉપરાંત પેટા કોન્ટ્રાકટર નીમેશ ત્રિવેદીએ સિવિલ હોસ્પિટલના તબીબી અધીક્ષકને પણ લેખીત રજૂઆત કરી તેમને જૂન મહિનાનો પગાર ચૂકવાયો ન હોવાથી કોન્ટ્રાક્ટરને બિલનુ ચૂકવણુ કરતા પહેલા સ્ટાફનો પૂરો પગાર ચૂકવા બાદ જ કોન્ટ્રાક્ટરને બીલ ચૂકવવામાં આવે તેવી માંગ કરી હતી.